**સુવિચાર**

કામથી બચવાનો, છટકવાનો કે બીજા પર ઢોળી દેવાનો અભિગમ કે આળશગીરીથી વ્યકિત પોતાને સૌથી વધુ નુકસાન કરતી હોય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૯/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ ભાદરવા સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૨૩

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૦૭-૦૯-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કીડની
Prostate Cancer
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

# અમરેલીમાં બ્રોડગેજ આવે તે પહેલા તો બઘડાટી બોલવાનું શરૂ





અમરેલી, તા. ૪

અમરેલીમાં બ્રોડગેજ રેલ્વે લાઈનની કામગીરી શરૂ થતાં જ રેલ્વે સ્ટેશનની પાછળ આવેલ જીઆઈડીસીનાં માર્ગનું સ્થળાંતર કરવામાં આવતાં ઉદ્યોગકારો તેમજ સ્થાનિક રહેવાસીઓમાં નારાજગી ઉભી થઈ અને તે નારાગીએ હવે ઉગ્ર સ્વરૂપ પકડયું અને ખાનગી જમીનમાં કરવામાં આવેલ દીવાલ તોડી પાડીને ત્યાંથી વાહન ચલાવવાનો પ્રયાસ ગઈકાલે સાંજે થતાં ખાનગી પ્લોટ માલીકે તોડફોડ કરનાર સામે લૂંટ, ધાકધમકી આપવી સહિતની વિગત સાથે સિટી પોલીસ સ્ટેશનમાં અરજી આપીને ગુન્હો નોંધવાની માંગ કરતાં આ પ્રકરણમાં નવો વળાંક આવેલ છે.

વરસડા રેલ્વે ફાટક નજીક ખાનગી પ્લોટનાં ભાગીદાર કૌશલ રામાણીએ સિટી પીઆઈને આપેલ લેખિત ફરિયાદ અરજીમાં જણાવેલ છે કે, મંગળવારે સાંજના ૬ વાગ્યાનાં અરસામાં લાઠી રોડ ફાટક પાસે વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, કનુભાઈ પટેલ, અરજણભાઈ પટેલ (કેટરીંગ સર્વિસવાળ), દિલીપભાઈ બામટા,

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૬૦૧
ઈ-મેઈલ : ho@ajmsbank.com - વેબસાઈટ :- www.ajmsbank.com

અજીમસ બેંક/એસ્ટા/૨૦૧૯૪/૨૦૨૪-૨૫ તારીખ : ૦૪/૦૯/૨૦૨૪

### સૂચનાપત્ર

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૪મી વાર્ષિક સાધારણ સભા આગામી **તા.૨૨/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે અમરદાણ ફેકટરી સામે, CENTRE OF EXCELLENCE,(ET/IVF), લેબ, ધારી રોડ,અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.**

**: એજન્ડા :**

૧. ગત તા. ૨૪/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ (પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના તા.૩૧/૦૩/૨૦૨૪ આખરનાં બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજુર રાખેલ નફા-નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના સને ૨૦૨૩-૨૦૨૪ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના સને ૨૦૨૨-૨૦૨૩ ના નાણાંકીય વર્ષનાં કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના હિસાબોનું સ્ટેચ્યુટરી ઓડીટ શ્રી સંજીવ આર. દોશી, એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૨-૨૦૨૩ અને સને.૨૦૨૩-૨૦૨૪ના નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેકટ્રોનીક ડેટા પ્રોસેસીંગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદી જુદી કમીટીઓ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.
૧૦. બેંકની તા.૨૬/૦૪/૨૦૨૪ની બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગના ઠરાવ નં.૭૯ થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.
૧૧. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખસ્થાનેથી અન્ય જે કાંઈ રજુ થાય તે.

**નોંધ :-**
(૧) બેંકના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૩૦ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.
(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરીને બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.
(૩) સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.

**: બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે :**

સ્થળ :- હેડ ઓફીસ, અમરેલી.
તારીખ :- ૦૪/૦૯/૨૦૨૪

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
**(બી.એસ. કોઠીયા)**
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,250/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૪/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

દુઃખદ અવસાન/ બેસણું



સ્વ. અમારા માતૃશ્રી દેવુબેન ભીમજીભાઈ ચાવડા
સ્વ.તા.૦૪-૦૯-૨૦૨૪, બુધવાર, મુ. અમરેલી.( ઉ.વ.૮૫ )
અમરારા માતૃશ્રી દેવુબેન ભીમજીભાઈ ચાવડાનું તા.૦૪/૦૯/૨૦૨૪ને બુધવારનાં રોજ અવસાન થયેલ છે.
સદ્દગતનું બેસણું નીચેનાં સમયે સ્થળે રાખવામાં આવેલ છે
તારીખ : ૦૭ - ૦૯ - ૨૦૨૪ને શનિવાર
સમય : બપોરનાં ૪ થી ૬
સ્થળ : ડો.આંબેડકરનગર, વણકરવાસ, બહારપરા
લી.
મધુભાઈ ભીમજીભાઈ ચાવડા (પુર્વ નગરસેવક)
નાનજીભાઈ ભીમજીભાઈ ચાવડા (પોપટભાઈ)
કનુભાઈ ભીમજીભાઈ ચાવડા
બાબુભાઈ ભીમજીભાઈ ચાવડા (પુર્વ નગરસેવક)
અનીલ ભીમજીભાઈ ચાવડા
જયેશ (ટીનુભાઈ) ભીમજીભાઈ ચાવડા
ચાવડા પરિવારના જય માતાજી - અમરેલી

## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો ખુલ્લેઆમ દુરૂપયોગ થયાનો આક્ષેપ

# ધારી : જળજીવડી ગામે સરકારી શાળાનાં કામમાં લોટ, પાણી ને લાકડા

**શાળાનું બાંધકામ શરૂથી જ નિયમ વિરૂધ્ધ થતું હોય કોઈ દેખરેખ વગર વિના રોકટોક નબળુ કામ શરૂ રહ્યું**

**શાળાનું મકાન તૈયાર થયું અને થોડા જ દિવસોમાં અનેક જગ્યાએ તિરાડ દેખાવવાનું શરૂ થયું**

**નિર્દોષ ભુલકાઓ માટે બનતી શાળાનું મકાન પણ નિયમ પ્રમાણે ન બને તે બાબત અતિ ગંભીર**

**એસએમસીનાં સદસ્ય સુરેશભાઈ નાથાણીએ કલેકટરને પત્ર પાઠવીને તપાસની માંગ કરી**



અમરેલી, તા. ૪

ધારીનાં જળજીવડી ગામની એસએમસીનાં સદસ્ય સુરેશભાઈ નાથાણીએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ધારી તાલુકાનાં જળજીવડી પ્રાથમિક શાળાનાં નવા ઓરડાનું બાંધકામ લગભગ પૂર્ણ થવામાં આવેલ છે પરંતુ આ બાંધકામ એટલું બધું નબળુ થયેલ છે કે એક બાજુનો પીલોર નમી ગયેલ છે, ઓરડામાં કેટલીક જગ્યાએ પાણી ટકપે છે. આ બાબતે અવાર નવાર મૌખિક લેખીત રજૂઆતો પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ કરેલ છે પરંતુ અધિકારી કોન્ટ્રાકટરનાં પાપમાં સામેલ હોવાના કારણે કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, જળજીવડી ગામ ગીર વિસ્તારમાં અંતરીયાળ ગામ છે આ ગામનાં બાળકોને અભ્યાસ માટે જળજીવડી પ્રાથમિક શાળા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આઝાદી બાદ બનેલ પ્રાથમિક શાળા નળીયાવાળી હતી જે એકદમ જર્જરીત હોવાથી નવી બિલ્ડીંગ બનાવવામાં આવેલ પરંતુ સરકારે જે ઉમદા હેતુ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ તે ગ્રાન્ટનો હેતુ ફળીભુત થાય તેમ નથી કારણ કે આ નવી બિલ્ડીંગની બધી નબળી કામગીરી હોવાથી કયારે ભસ્મીભુત થાય તે કહી શકાય તેમ નથી. નવી બિલ્ડીંગમાં હલ્કી ગુણવત્તાની સમીન્ટ, રેતી, લોખંડ વાપરવામાં આવેલ છે. જેના કારણે આ નવી બિલ્ડીંગનાં પીલોર જ અત્યારથી નમી ગયેલ છે જેના કારણે ભવિષ્યમાં ગંભીર પ્રકારનો અકસ્માત માનવ સર્જીત, શિક્ષણાધિકારી અને કોન્ટ્રાકટરનાં પાપે થાય તેમ છે અને ત્યારે તપાસનાં આદેશો આપવામાં આવશે અને બાળકોના વાલીઓને એકાદ લાખનું વળતર આપી શાંત કરી દેવામાં આવશે.

વધુમાં જણાવેલ છે કે, આમ ન થાય તેવા હેતુથી શાળાએ જતાં નાના ભુલકાઓ માનવ સર્જીત બોગસ બિલ્ડીંગનો ભોગ ન બને તેવા હેતુથી તાકીદે આ જળજીવડી પ્રાથમિક શાળાની નવી બની રહેલ નબળી બિલ્ડીંગની કામગીરીની તટસ્થ તપાસ કરી, નમી ગયેલ પીલોર, જર્જરીત સ્લેબ વિગેરે ફરીવાર બનાવવામાં આવે અથવા તો આ નવી બિલ્ડીંગનું બાંધકામ તોડી પાડવામાં આવે. જેથી કરીને ભવિષ્યમાં નાના ભુલકાઓ અધિકારીઓનાં પાપે અકસ્માતનો ભોગ બને નહી.

તેમ છતાં પણ જળજીવડી પ્રાથમિક શાળાનું નવું બિલ્ડીંગ જર્જરીત હાલતમાં રહેવા દેવામાં આવશે તો ભવિષ્યમાં બનનાર અકસ્માત અંગે સીધી જવાબદારી રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.

---

**આરટીઓ એજન્ટ તરીકે વર્ષો સુધી ફરજ બજાવીને**

## સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીના સસરાનું નિધન થયું

**સંવેદન ગૃપ દ્વારા ૧૦૩મું ચક્ષુદાન લેવાયું**





અમરેલી, તા. ૪


અમરેલીનાં ચિતલ રોડ પર વસતાં પટેલ ઓટો એડવાઈઝર વાળા બાબુભાઈ નાગજીભાઈ પટેલ (ઉ.વ.૭૮)નું તા. ૪–૯–૨૪ બુધવારના રોજ અવસાન થતાં તેમનાં પૂત્ર સમીર બાબુભાઈ પટેલ, પૂત્રીઓ સેજલબેન તથા શ્વેતાબેન દ્વારા ચક્ષુદાન તેમજ દેહદાનનો નિર્ણય કરવામાં આવ્યો, આ માટે તેમણે પૂર્વ નરગસેવક ડો. ચંદ્રેશ ખૂંટના માધ્યમથી ચક્ષુદાન ક્ષેત્રે સેવારત સંસ્થા સંવેદન ગૃપનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવેલ. આ નેત્રદાન સ્વીકારવા માટે સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી સાથે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલ વ્યાસ તથા દર્શન પંડયાએ સેવા આપી હતી, સેવાભાવી પટલ પરિવારે કરેલ યોગ્ય નિર્ણય બે અંધજનોના જીવનમાં રોશની લાવશે. તેમજ મૃત્યુ બાદ નેત્રદાન માટે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂં પાડયું છે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

---

**ખરા સમયે પાલિકાનું ફાયર ફાઈટર બંધ**

## જાફરાબાદનાં મોટા ઉંચાણીયા વિસ્તારમાં 3 માળનાં મકાનમાં રાત્રિએ આગ લાગી

**ખાનગી કંપનીની ફાયર ટીમે આગ પર કાબુ મેળવ્યો**



અમરેલી, તા. ૪

જાફરાબાદના મોટા ઉંચાણીયા વિસ્તારના એક ત્રણ માળના રહેઠાણ મકાનમાં ગઈકાલે મોડી રાત્રિના સમયે અચાનક જ આગ લાગવાની ઘટના બનતા અફડા તફડી મચી જવા પામી હતી. આવા કપરા સમયમાં પણ જાફરાબાદ નગરપાલિકાના ફાયર ફાઈટર બંધ હાલતમાં હોવાથી ખાનગી કંપનીના ફાયર ફાઈટર બોલાવવાની ફરજ પડી હતી.

આ બનાવમાં મળતી વિગત મુજબ જાફરાબાદના મોટા ઉંચાણીયા વિસ્તારના એક ત્રણ માળના રહેઠાણ મકાનમાં ગઈકાલે મોડી રાત્રિના સમયે અચાનક જ આગ લાગવાની ઘટના બનતા અફડા તફડી મચી જવા પામી હતી. આવા કપરા સમયમાં આગ લાગતા સ્થાનિક લોકો દ્વારા પાણીનો મારો ચલાવેલ હોય પણ આગ વિકરાળ હોય, આગ કાબુમાં ન આવતા સ્થાનિક લોકો દ્વારા ખાનગી કંપનીના ફાયર ફાઈટર બોલાવવાની ફરજ પડી હતી. જયારે ખાનગી કંપનીની ફાયર ફાઈટર દ્વારા મહા મહેનતે આગ પર કાબુ મેળવ્યો.

જાફરાબાદ નગરપાલિકાના લાખોની કિંમતના ફાયર ફાઈટર ઘણાં જ સમયથી બંધ હોવાથી જાફરાબાદના સ્થાનિક રહીશો આગના કારણે નુકસાની ભોગવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા જાફરાબાદ શહેરમાં આવેલ દુકાનમાં આગ લાગતા પાલિકાનું ફાયર ફાઈટર બંધ હોવાથી ખાનગી કંપનીને ફાયર ફાઈટર બોલાવવાની ફરજ પડી હતી.

જાફરાબાદ પાલિકા દ્વારા વહેલામાં વહેલી તકે ફાયર ફાઈટરની લોકોને સુવિધા મળે તેવી માંગ ઉઠવા પામેલ છે.

---

**તાલુકા પંચાયતના કારોબારી ચેરમેનનાં પ્રતિનિધિની રજુઆત બાદ**

## આનંદો : વડિયા રેલ્વે સ્ટેશન ખાતે રિઝર્વેશન સુવિધાઓ શરૂ કરવામાં આવી


**આજુબાજુનાં ગામનાં મુસાફર વર્ગમાં ખુશીનો માહોલ**

વડિયા, તા. ૪

વડિયા આસપાસ ના વિસ્તારના અનેક લોકો રેલવે સુવિધાઓનો ઉપયોગ કરે છે. આ રેલવે સ્ટેશન પર એડવાન્સ બુકિંગ ની સુવિધાઓ ના હોવાથી લાંબા અંતરની મુસાફરીમાં ખુબ મુશ્કેલીઓ અનુભવાતી હોવાથી એક માસ પહેલા આ વડિયા મત વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના વડિયા સ્થિત યોજાયેલ લોકદરબારમાં વડિયા કુંકાવાવ તાલુકા પંચાયત કારોબારી ચેરમેનના પ્રતિનિધિ તુષારભાઈ ગણાત્રા દ્વારા લેખીતમાં રજુવાત કરવામાઆવતા પશ્ચિમ રેલવે ના ભાવનગર ડિવિઝન દ્વારા વડિયા રેલવે સ્ટેશન પર તારીખ ૦૪/૦૯/૨૦૨૪ ને બુધવાર થી એડવાન્સ બુકિંગ ની સુવીધાઓ શરૂ કરવામાં આવી છે આ બુકિંગ વડિયા સ્ટેશન પર સોમવાર થી શનિવાર સવારે ૮ થી ૧૧:૩૦ અને બપોરે બાદ ૧૬:૦૦ થી ૧૮:૩૦ સુધી કરવામાં આવશે જયારે રવિવાર ને દિવસે સવારે ૮:૦૦ થી ૧૧:૩૦ સુધી કરવામાં આવશે. ત્યારે વડિયા વિસ્તાર ના લોકોને આ રેલવે વિભાગ દ્વારા પ્રાપ્ત થયેલી સુવીધાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## ધરાઈ : બાલમુકુન્દ હવેલી ખાતે ૧૧ સપ્ટેમ્બરના રોજ અલૌકિક મનોરથ



બાબરા, તા. ૪

બાબરાના ધરાઈ ગામે બાલમુકુન્દ હવેલી ખાતે આગામી તા.૧૧/૦૯/૨૪ ના રોજ ભવ્ય એલૌકિક મનોરથનું આયોજન. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી બાલમુકુન્દ હવેલીમાં અતિભવ્ય છાક મનોરથનું આયોજન તા. ૧૧/૦૯/૨૪ (રાધાષ્ટમી) બુધવારના રોજ સમય બપોરે ૨:૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ જાતની મીઠાઈઓ તથા અન્ય પ્રકારની વાનગીઓ ધરાવવામાં આવશે. આ તકે હવેલીમાં ઠાકોરજીના આ રૂડા મનોરથ તથા દર્શનનો લાવ્હો લેવા શ્રી બાલમુકુન્દ પ્રભુ હવેલી ટ્રસ્ટ તથા મુખ્યાજી પરિવાર વતી સૌ વૈષ્ણવ ભક્તો ને મહાપ્રસાદ લેવા માટે હાર્દિક નિમંત્રણ છે.

---

## ૫ સપ્ટેમ્બર, "રાષ્ટ્રીય શિક્ષક દિન"



અમરેલી, તા. ૪

૫ સપ્ટેમ્બર, એટલે "રાષ્ટ્રીય શિક્ષક દિન". મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન "શિક્ષક દિન" તરીકે ઉજવાય છે. આ દિવસે ૧૯૬૬ના રોજ ટીચિંગ ઈન ફ્રિડમ નામની એક સંધી પર હસ્તાક્ષર થયા હતાં. આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ટીચિંગ ઈન ફ્રિડમ સંધી હેઠળ શિક્ષકોના અધિકારો જવાબદારી અને શીખવા – શીખવવાનો માહોલ ઉભો કરવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. ૫ ઓકટોબર, ૧૯૯૭નાં રોજ આયોજીત આ સંમેલનમાં યુનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઈને વર્ગીકરણ કર્યુ હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષણનો મોટો ફાળો છે. આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાનાં હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે.

જો વિશ્વના જુદા જુદા દેશોમાં શિક્ષક દિન અલગ તારીખે પણ ઉજવાય છે. જેમાં ભારતમાં ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન હોય છે. આ સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. આ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ખુબ સાદી અને સરળ રીતે કહી શકાય કે જે શિક્ષા આપે તે શિક્ષક. જે જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનનાં મૂલ્યોની સાચી સમજ આપે એ શિક્ષક. શિક્ષકનું યોગદાન સમાજમાં ઘણું મહત્વનું ભગવાન શ્રીરામ અન શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી પોતાનાં જીવન સાર્થક બનાવ્યું. વિધા જેવું અમૂલ્ય ધન મેળવવા માટે આપણે હંમેશા એક સારા ગુરૂની શોધ કરતા આવ્યા છે. કારણ, કે એક સારા શિક્ષક જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. સારા શિક્ષક એ જ છે કે જે કાર્ય કરતા પહેલા વિચારે છે, કાર્ય કરતી વખતે વિચારે છે, અને કાર્ય કર્યા બાદ તેનું જ ચિંતન કરે છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછું નિસ્બત રાખ છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ,
ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત
પરબ્રહ્મા, તસ્મૈ : શ્રી ગુરૂદેવ નમ :
ગુરૂ ગોવિન્દ દોનોં ખડે, કાકે લાગૂ પાંય
બલિહારી ગુરૂ આપકી, ગોવિંદ દિયો બતાય ॥

**– મિતલ ખેતાણી**
**મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯**

---

**અજાણ્યા ચોર ઈસમે ધોળે દિ'એ પ્રવેશ કર્યો**

## જાફરાબાદનાં રોહિસા ગામે રહેણાંક મકાનમાંથી રૂપિયા ૨૨ હજારનાં મુદ્દામાલની ચોરી


**મકાન માલીકે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૪

જાફરાબાદ તાલુકાના રોહિસા ગામે આવેલ ધારાબંદર રોડ ઉપર રહેતા ચનાભાઈ લખમણભાઈ પરમાર નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધના રહેણાંક મકાને ગત તા. ૨ ના રોજ સવારના સાડા અગિયારેક વાગ્યાથી સાંજના૭વાગ્યા સુધીમાં કોઈપણ સમય દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે વૃધ્ધના ઘરના રૂમનું તાળુ તોડી ઘરમા પ્રવેશ કરી લાકડાના પટારામાં રાખેલા રોકડા રૂપિયા ૧૦,૦૦૦ તથા પતરાના કબાટમાં પોતાના દિકરાની પત્નિના સોનાના દાગીના સોનાની માદડી નંગ–૧ જે આશરે ત્રણેક ગ્રામની આશરે કિંમત રૂપિયા ૫૦૦૦, સોનાની વીંટી નંગ–૧ આશરે કિંમત રૂપિયા ૩૦૦૦, સોનાનું પેન્ડલ નંગ–૧ આશરે કિંમત રૂપિયા ૨૦૦૦, હાથમાં પહેરવાની ચાંદીની લક્કી નંગ–૧ જેનો (વજન ખબર ન હોય) જેની આશરે કિંમત રૂપિયા ૨૫૦૦ છે. જે દાગીનાની કિંમત રૂપિયા ૧૨,૫૦૦ તથા રોકડા રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨૨,૫૦૦ મત્તાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

## કથાસેતુ પુસ્તક દ્વારા ૨૧ ગુજરાતી ટૂંકી વાર્તાઓ મરાઠી વાચકો સુધી પહોંચી





અમરેલી, તા. ૪

મરાઠી ભાષામાંથી ગુજરાતીમાં ઘણું સાહિત્ય આવ્યું છે પણ ગુજરાતી ભાષામાંથી મરાઠીમાં અનુવાદ ઓછાં થયાં છે. આજે ગુજરાતી ટૂંકી વાર્તાઓ મરાઠીમાં અનુવાદિત થઈ વાચકો સુધી પહોંચી એની વાત કરવી છે.

મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમીના સહયોગમાં પદ્મગંધા પ્રકાશન પુણેએ કથાસેતુ પુસ્તક તાજેતરમાં પ્રકાશિત કર્યું. આ પુસ્તકના સંપાદક છે સંજય પંડ્યા અને અનુવાદક છે સુષમા શાળિગ્રામ.

ગુલાબદાસ બ્રોકર, વિઠ્ઠલ પંડ્યા, દિનકર જોષી, વર્ષા અડાલજા, હરીશ નાગ્રેચાથી માંડીને ઘનશ્યામ દેસાઈ, ઉત્પલ ભાયાણી અને આજે ટૂંકી વાર્તા લખતાં કિશોર પટેલ, સંદીપ ભાટિયા, બાદલ પંચાલ અને સમીરા પત્રાવાલાની વાર્તાઓ અનુવાદિત થઈ મરાઠી વાચકો સુધી પહોંચી છે. આ સંપાદનમાં કુલ ૨૧ વાર્તાઓનો સમાવેશ થયો છે.

આ પુસ્તકનું લોકાર્પણ થાય ત્યાં સુધીમાં મોટા ભાગની નકલો વેચાઈ ચૂકી છે જે મરાઠી પ્રજાનો પુસ્તક પ્રેમ દર્શાવે છે. લોકાર્પણ સમારંભમાં મહારાષ્ટ્ર ટાઈમ્સના કન્સલ્ટીંગ એડિટર શ્રીકાંત બોજેવારે કહ્યું હતું કે વાચકને સમજાય એવી કૃતિઓ હોવી જોઈએ. આ પ્રકારના આદાનપ્રદાન બંને ભાષા વચ્ચે વધુ થવા જોઈએ એ વાત પર એમણે ભાર મૂક્યો હતો.

'વસંત' સામાયિકના સંપાદક દિલીપ દેશપાંડેએ સંપાદક સંજય પંડ્યાના પિતાશ્રી નવલકથાકાર વિઠ્ઠલ પંડ્યા તથા પોતાના પિતાશ્રી મરાઠી 'વસંત'ના સંપાદક બાલકૃષ્ણ દેશપાંડે સાન્તાક્રુઝમાં બાજુબાજુમાં રહેતા એ સ્મૃતિ તાજી કરી હતી. ૮૨ વર્ષથી પ્રકાશિત થતા ' વસંત 'માં એમણે ' કથાસેતુ'નું અવલોકન પણ છાપ્યું છે.

નવલકથાકાર કાનજી પટેલે 'કથાસેતુ'ને આવકારતાં પોતાની ટૂંકીવાર્તાના સર્જનના વિષયવસ્તુની વાત કરી હતી. નાની ઉંમરથી ભીલ પ્રજાના જીવનને નજીકથી એમણે જોયું છે એ ઉપરાંત ભટકતી વિમુક્ત જનજાતિ પર આજે પણ જે અન્યાય થઈ રહ્યો છે એની આસપાસ જ એમની ટૂંકી વાર્તાઓ સર્જાય છે એ એમણે ભારપૂર્વક જણાવ્યું હતું. કવિ વાર્તાકાર સંદીપ ભાટિયાએ ' કથાસેતુ'માં સમાવેશ થયેલા વાર્તાકારો વતી વક્વ્ય આપ્યું હતું. મુંબઈમાં રહેતા ટૂંકી વાર્તાના ગુજરાતીભાષી લેખક મરાઠી ભાષા અને સંસ્કૃતિથી સારી રીતે પરિચિત છે અને વળી પોતે તો મરાઠી કન્યા સાથે પરણ્યા છે એટલે ઘરમાં મળતા આદેશ મરાઠી ભાષામાં હોય છે એની વાત એમણે હળવાશથી રજૂ કરી હતી.

અકાદમીના કાર્યાપ્રયક્ષ સ્નેહલ મુઝુમદારનું સ્વાગત વક્વ્ય એમની મસ્ત મસ્ત શૈલીનું! તો એવી જ મઝા વાચિકમમાં કરાવી અભિજિત ચિત્રેએ. કવિ મુકેશ જોષી અને ડા. મોનિકા ઠક્કરે પ્રવાહી શૈલીમાં ગુજરાતી અને મરાઠીમાં સંચાલન કર્યું હતું.

અનુવાદક સુષમા શાળિગ્રામ તથા પ્રકાશક અભિષેક જાખાડેએ પણ સંપાદન વિશે પોતાની વાત મૂકી હતી.

સંપાદન કરનાર સંજય પંડ્યાએ જણાવ્યું હતું કે સંપાદન ફક્ત એક વર્ષની પ્રક્રિયા નથી હોતી પણ એના માટે દાયકાઓ સુધી વાંચવું પડતું હોય છે. એક સારા અનુવાદનું પુસ્તક એક ભાષાની સંસ્કૃતિને, એના વાતાવરણને, એની પરંપરાને, એ સમયના વાર્તાકારના ઉન્મેષને અને વાર્તાકારના હૃદયના ધબકારાને બીજી ભાષાના વાચકો સુધી લઈ જાય છે. ઉત્તમ અનુવાદ માટે એમણે સુષમા શાળિગ્રામનો તથા પ્રકાશન માટે અકાદમી તથા અભિષેકજીનો આભાર માન્યો હતો.

કલાગુર્જરી અક્ષર અર્ચના સંસ્થા લોકાર્પણના કાર્યક્રમ માટે સહયોગી સંસ્થા હતી. કલાગુર્જરીના પ્રમુખ હેમાંગ જાંગલા તથા પૂર્વ પ્રમુખ અમૃત માલદે આયોજનની ઝીણી વિગતોનું પ્રયાન રાખે છે એ દેખાઈ આવતું હતું. સંસ્થાનાં ઉપપ્રમુખ ગોપાલભાઈ ત્રિવેદી તથા વિનય પાઠક, કવિ કમલ વોરા, વાર્તાકાર ત્રિપુટી કિશોર પટેલ, સતીષ વ્યાસ, હેમંત કારિયા તથા કવયિત્રી પ્રતિમા પંડ્યા, લેખિનીનાં નીતા કઢી તથા પંડ્યા પરિવાર વતી રાજેશ પંડયા પણ કાર્યક્રમમાં ઉપસ્થિત હતાં.

### ''સબ ભૂમિ ગોપાલ કી'' જેવો માહોલ હોય ઠેકઠેકાણે દબાણ થઈ રહ્યું છે

# લ્યો બોલો : અનામત જંગલમાં ૧૫ વિઘામાં કપાસ વાવી દીધો

**તુલસીશ્યામ રેન્જનાં કાતરધારનાં અનામત જંગલમાં થયેલ દબાણને જેસીબી વડે દૂર કરાયું**

**વન વિભાગની જમીનમાં દબાણ કરનારને પીજીવીસીએલ દ્વારા વીજકનેકશન પણ અપાયુ હતું**

**રાજુલા પંથકનાં કેટલાંક ઈસમો દ્વારા પેશકદમી કરી કપાસનો પાક વાવી દેવામાં આવેલ**

**ડીસીએફ રાજદીપસિંહ ઝાલાનાં માર્ગદર્શન તળે વન અધિકારીઓએ દબાણ દૂર કરાવ્યું**







અમરેલી, તા. ૪

ધારી ગીર પૂર્વના ખાંભા તુલસીશ્યામ રેંજના રબારિકા રાઉન્ડમાં કાતરધારના અનામત જંગલમાં કેટલાંક શખ્સો દ્વારા ૧૫ વીઘા જેટલી જમીનમાં ગેરકાયેદસર રીતે દબાણ ઉભું કરીઅને તે જમીનમાં કપાસનો પાક વાવી દીધો હતો. અને જંગલની જમીનમાં પી.જી.વી.સી.એલ.નું વીજ કનેકશન પણ ઉભુ કરી નાખાવામાં આવેલ હોય. વનવિભાગદ્વારાખાંભારેંજનોસ્ટાફઅને પોલીસ બંદોબસ્ત વચ્ચે જેસીબી વડે જમીનઉપરનુંદબાણદૂર કરીઆજમીન ખુલ્લી કરવામાં આવીહતી.

ધારી ગીર પૂર્વના ડી.સી.એફ. રાજદીપસિંહ ઝાલા અને ઈન્ચાર્જએ.સી.એફ. મનીષ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ ખાંભા-તુલસીશ્યામ રેન્જના આર.એફ.ઓ. રાજલ પાઠકની સૂચના અન્વયે ખાંભા-તુલસીશ્યામ રેંજના અનામત જંગલમાં આવેલ કાતર ગામના સર્વે નંબર ૨૨૩ ૫૨ ની રિઝર્વ ફોરેસ્ટની ૧૫ વીઘાથી વધારે જમીનમાં રાજુલા તેમજ કાતર ગામના કેટલાંક શખ્સોદ્વારા પેશકદમી કરીઅને કપાસનો પાક વાવી દેવામાં આવ્યો હતો.

જંગલની જમીનમાં ખોટા કાગળો ઊભા કરી પી.જી.વી.સી.એલ.નું વીજ કનેકશન પણ ઉભુ કરી નાખવામાં આવતા વન વિભાગ દ્વારા કિરીટસિંહ વજેસિંહ પરમાર (નિવૃત્ત એ.એસ.આઈ. રાજુલા) અને ભુપતભાઈ લખમણભાઈ જોગદીયા, મામયાભાઈ નાનજીભાઈ જોગદીયા, સોમાભાઈ નાનજીભાઈ જોગદીયા સામે દબાણ હટાવી કાર્યવાહી કરવામાં આવી છે અને વન વિભાગ દ્વારા પી.જી.વી.સી.એલ.નું વીજ કનેકશન પણ રદ કરાવી વીજ પોલ હટાવી અને જમીનમાં વાવેલ કપાસનો પાક હટાવવામા આવ્યો હતો.

### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડનો સપાટો

## રાજકોટ જેલમાંથી પેરોલ રજા પરથી ફરાર થયેલ પાકા કામનાં કેદી ઝડપાયા

**સાવરકુંડલા ખાતેથી અટકાયત કરવામાં આવી**

અમરેલી, તા. ૪

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે રહેતા આરોપી મયુર ઉર્ફે મયલો ઉર્ફે કાતરેલો શંભુભાઈ ઉનાવાને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.નં. ૪૧/૨૦૧૫ આઈપીસી કલમ ૨૨૪ ના ગુન્હામાં બે વર્ષથી સજા તથા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૮/૨૦૨૩ આઈપીસી કલમ ૪૨૦ મુજબના ગુન્હામાં ૩ વર્ષની સજા થયેલ. જે કામે રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હોય અને ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે કેદીને પેરોલ રજા પર દિન-૭



માટે મુકત કરવા હુકમ થતાં મજકુર આરોપીને ગત તા. ૭/૮/૨૪ ના રોજ મુકત કરેલ અને મજકુર આરોપી તા. ૧૫/૮/૨૪ ના રોજ ફરાર થયેલ જે કામે આરોપી આજદિન સુધી ફરાર હતો.

જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય. પેરોલ ફર્લો સ્કવોર્ડને મળેલ ચોક્કસ બાતમી આધારે રાજકોટ મધ્યસ્થ જેલમાંથી પેરોલ રજા પરથી ફરાર થયેલ પાકા કામના કેદીને તા. ૩/૯/૨૪ ના રોજ સાવરકુંડલા ખાતેથી પકડી પાડી તપાસ પુછપરછ કરી રાજકોટ મધ્યસ્થ જેલને સોંપવા સારૂં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનને આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂં સોંપી આપેલ છે.

## સાવરકુંડલાના લેખક સુધીરભાઈ મહેતાનો ૬૪માં વર્ષમાં મંગલ પ્રવેશ

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા તાલુકાના વંડા ગામના લેખક અને નિવૃત શિક્ષક રાજય એવમ રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિભૂષિતનો જન્મ પાંચ સપ્ટેમ્બર ૧૯૬૦ના જન્મેલા પાંચમી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ૬૪ વર્ષમાં મંગલ પ્રવેશ કરીશે શિક્ષક દિનના દિવસે પિતાશ્રી કાનજીબાપા અને માતૃશ્રી મંગળાબા ના ઘરે જન્મ થયો હતો. તેમણે ૩૮ વર્ષ સુધી પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત રહીને એક ગ્રામીણ ક્ષેત્રમાં બુનિયાદી કેળવણીને પ્રાધાન્ય આપીને વેતન કરતા કાર્યને મહત્વ આપેલું હતું. સાચા દિલથી કેળવણી ક્ષેત્રમાં કાર્ય કર્યુ તેના ફળ કૃતિ સ્વરૂપે તેમને તાલુકા રાજય રાષ્ટ્ર કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મળેલ છે.

સાહિત્ય ક્ષેત્રમાં ૨૪ જેટલા પુસ્તકો પ્રગટ કરીને અત્યાર સુધી સમાજના ખોળે અર્પણ કરેલ છે આકાશવાણી પરથી પ્રસારિત રત્નકરિકાનો સંગ્રહ ભગસાગરના મોતી પુસ્તક ગુજરાત સરકારએ ઓપરેશન બ્લેકબોર્ડ યોજનામાં પસંદ કરી



ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકઓ તથા વિદ્યાર્થીઓને વાંચવા માટે મળેલ છે.

સુધીરભાઈ મહેતાને અનેક સંસ્થાઓ દ્વારા સન્માનો મળેલ છે. તેઓને અનેક શિલ્ડ સન્માનપત્રો પુરસ્કારો અર્પણ થયેલ છે એવું સાદુ જીવન જીવીને હાલ નિવૃતિમાં સમાજ સેવા અને સાહિત્ય સેવા આપી રહ્યા છે તેમના જન્મદિવસ શિક્ષક દિન શિક્ષક તરીકે બાળકો સાથે ઉજવીને આનંદ અનુભવે છે. સુધીરભાઈ મહેતાનો કોન્ટેક નંબર ૯૪૨૮૬ ૨૦૫૬૨ છે.

### ઈફકોનાં ચેરમેન, પૂર્વ કૃષિમંત્રી, સાંસદની ઉપસ્થિતિમાં

## લીલીયામોટા : ક્રેડીટ કો.ઓ. સોસાયટીનાં સહયોગથી શનિવારે સહકાર સંમેલન યોજાશે

**કાર્યક્રમને સફળ બનાવવા તડામાર તૈયારી**







લીલીયા, તા. ૪

લીલીયા મોટા મુકામે તા. ૭/૯/૨૦૨૪નાં રોજ પટેલ વાડી મુકામે સમય બપોરનાં ૨ કલાકે સહકાર સંમેલન યોજાશે. આ સહકાર સંમેલન લીલીયા ક્રેડીટ કો.ઓ. સોસાયટીનાં સૌજન્યથી યોજાનાર છે. આ સંમેલનમાં પૂર્વકૃષિમંત્રી પરશોતમભાઈ રૂપાલા તથા અમરેલીનાં સહકારી શિરોમણી દિલીપભાઈ સંઘાણી ઈફકોનાં ચેરમેન ખાસ ઉપસ્થિત રહેશે અને તેઓનું સન્માન કાર્યક્રમ પણ રાખેલ છે. આ સાથે અતિથિ વિશેષ તરીકે સાંસદ ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા તથા હનુભાઈ ધોરાજીયા તથા જયંતીભાઈ પાનસુરીયા તથા દિપકભાઈ માલાણી તથા મનિષભાઈ સંઘાણી તથા મધ્યસ્થ બેંકના સીઈઓ બી.એસ. કોઠીયા હાજર રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ચેરમેન અરૂણભાઈ પટેલ તથા એમડી મગનભાઈ વિરાણી તથા વાઈસ ચેરમેન બાબુભાઈ ધામત તથા ડિરેકટર બોર્ડના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## બાબરાનાં ધરાઈ ગામની સીમમાં જુગાર રમતાં ૬ પત્તાપ્રેમીઓની અટકાયત



અમરેલી, તા. ૪

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે બાબરા તાલુકાના ધરાઈ ગામની મંદિરવાળો કેડા તરીકે ઓળખાતી સીમ વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા રાજેન્દ્રભાઈ હીરાલાલભાઈ જોષી, નિલેશભાઈ બાબુભાઈ વામજા, ચેતનભાઈ પુંડરીકભાઈ પંડયા, અનિભાઈ જયંતિભાઈ ખાંભુર, અમિતભાઈ દીલાવરભાઈ કોરેજા, ભરતભાઈ જયતાભાઈ વાળા છ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૬,૦૦૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦




શ્રાવણ માસ નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### હરિયાણા વિધાનસભા ચૂંટણી

# ભાજપની ૬૭ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરાઈ

## ભાજપની આ યાદી અનુસાર સીએમ નાયબ સિંહ સૈની લાડવા બેઠક અને અનિલ વિજ અંબાલા કેન્ટથી ચૂંટણી લડશે

ચંદીગઢ, તા.૪

હરિયાણા લોકસભા ચૂંટણી પહેલા ભાજપે ૬૭ ઉમેદવારોની પહેલા યાદી જાહેર કરી છે. ભાજપની આ યાદી અનુસાર સીએમ નાયબ સિંહ સૈની લાડવા બેઠક અને અનિલ વિજ અંબાલા કેન્ટથી ચૂંટણી લડશે. હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪નું બ્યુગલ વાગી ગયું છે. ચૂંટણીની તારીખોના એલાન બાદ તમામ રાજકીય પાર્ટીઓએ ચૂંટણીની તૈયારી તેજ કરી દીધી છે. ત્યારે હવે હરિયાણાના રાજકારણના મોટા સમાચાર સામે આવ્યા છે. વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ઝંપલાવશે. લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સાથે મુલાકાત બાદ બંને ખેલાડીઓએ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. હાલમાં જ બંને પહેલવાનો અને રાહુલ ગાંધીની મુલાકાતની તસવીર સામે આવી હતી. ઘણા દિવસોથી અટકળો લગાવવામાં આવી રહી હતી કે, વિનેશ ફોગાટ કોંગ્રેસની ટિકિટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં એન્ટ્રી કરી શકે છે. રાહુલ ગાંધી સાથે મુલાકાત પહેલા જ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે જો વિનેશ ફોગટ સક્રિય રાજકારણમાં પ્રવેશ કરશે તો તે કોંગ્રેસમાં સામેલ શકે છે. તાજેતરમાં જ વિનેશે જીંદ, રોહતક અને શંભુ બોર્ડર ખાતે ખાપ પંચાયતો અને ખેડૂતો સાથે મુલાકાત કરી હતી. જ્યાં તેને ખાપ પંચાયત દ્વારા ગોલ્ડ મેડલથી સમ્માનિત કરવામાં આવી હતી. વિનેશે કહ્યું કે, જ્યારે હું મુશ્કેલીમાં હતી ત્યારે ખેડૂતોએ મારો સાથ આપ્યો હતો.

કોંગ્રેસે પણ વિનેશને પોતાની તરફ આકર્ષિત કરવા માટે પગલાં લીધાં છે. જ્યારે વિનેશે સંન્યાસની જાહેરાત કરી ત્યારે કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર સિંહ હુડ્ડા તેની સાથે નજર આવ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ પણ વિનેશને રાજ્યસભામાં મોકલવાની માગ કરી હતી, જોકે તેની ઉંમરને કારણે આ શક્ય નહોતું. વિનેશના કાકા મહાવીર ફોગટ અને પિતરાઈ બહેન બબીતા ??ફોગાટે કોંગ્રેસની આ પહેલની ટીકા કરી હતી.

વિનેશ ફોગાટની રાજકીય એન્ટ્રી હરિયાણાની રાજનીતિમાં મોટો બદલાવ આવશે. ખાપ પંચાયતો અને ખેડૂતો સાથેના તેમના મજબૂત સંબંધો તેને ચૂંટણીમાં મોટું સમર્થન અપાવશે. આગામી વિધાનસભા ચૂંટણીમાં વિનેશ ફોગાટની ભૂમિકા હરિયાણાના રાજકારણમાં મહત્વનો વળાંક સાબિત થઈ શકે છે. હરિયાણામાં ૫ ઓક્ટોબરના રોજ મતદાન થશે અને ૮ ઓક્ટોબરના રોજ પરિણામ જાહેર થશે. અગાઉ રાજ્યમાં ૧ ઓક્ટોબરના રોજ મતદાન થવાનું હતું અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી સાથે ૪ ઓક્ટોબરના રોજ પરિણામો જાહેર થવાના હતા. હવે બંને રાજ્યોના ચૂંટણી પરિણામો ૮ ઓક્ટોબરે જાહેર થશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અધિકારીઓને સૂચના અપાઈ

# રાજ્યમાં આરોગ્ય - સ્વચ્છતાના કામો સત્વરે પૂર્ણ કરવા સરકાર કટિબદ્ધ

## રાજ્યના વધુ પ્રભાવિત પાંચ જિલ્લામાં આરોગ્ય અને સ્વચ્છતાની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે

નવી દિલ્હી,તા.૩

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં દિગ્ગજ નેતાઓ ભારતીય જનતા પાર્ટીની ખેંચતાણમાં વધારો કરતા જોવા મળી રહ્યા છે. હાલમાં જ પૂર્વ મંત્રી રાવ નરબીર સિંહે દાવો કર્યો છે કે જો તેમને ટિકિટ નહીં આપવામાં આવે તો તેઓ કોંગ્રેસમાં જોડાઈ જશે. તેઓ રાજ્યની હાઈપ્રોફાઈલ સીટ બાદશાહપુરથી ટિકિટની માંગ કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે વરિષ્ઠ નેતા સુધા યાદવ અને પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરના પૂર્વ ઓએસડી સહિત ઘણા મોટા નેતાઓ આ સીટ પર દાવો કરી રહ્યા છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર રાવ નરબીર સિંહે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ વખતે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી નહીં લડે. તેણે કહ્યું, 'મને વર્ષ ૨૦૧૯માં ટિકિટ મળી નથી. આ વખતે હું અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ નહીં. મેદાનમાં બે જ પક્ષો છે. તેથી જો ભાજપ મને ટિકિટ નહીં આપે તો હું કોંગ્રેસમાં જોડાઈશ. સિંહનો દાવો છે કે તેઓ બાદશાહપુર વિધાનસભા સીટ પરથી વિજેતા ઉમેદવાર છે.એવા અહેવાલો છે કે પૂર્વ સાંસદ સુધા યાદવ વિધાનસભા ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી રહી છે. તે બાદશાહપુર સીટ પરથી ચૂંટણી લડવા માંગે છે. આવી સ્થિતિમાં નરબીર સિંહને ટિકિટ મળવાની શક્યતા ઓછી જણાઈ રહી છે. જોકે, પાર્ટીએ હજુ સુધી ટિકિટની જાહેરાત કરી નથી. આ સિવાય ગુરુગ્રામના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહ પણ બાદશાહપુર અને અહિરવાલની ટિકિટ વિતરણમાં સક્રિય જોવા મળે છે.વર્ષ ૨૦૧૯માં હારનો સામનો કરનાર મનીષ યાદવ પણ ટિકિટની શોધમાં છે. ખટ્ટરના ભૂતપૂર્વ ઓએસડી જવાહર યાદવ પણ અહીં સક્રિય છે. આ ઉપરાંત ભાજપના જિલ્લા પ્રમુખ કમલ યાદવ પણ પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે. જો કે જવાહર યાદવે સ્પષ્ટ કર્યું છે કે તેઓ પાર્ટીની વિચારધારા સાથે કામ કરવાનું ચાલુ રાખશે.મતદારોની સંખ્યાની દષ્ટિએ પણ આ રાજ્યની સૌથી મોટી બેઠક છે. ગુડગાંવ લોકસભા મતવિસ્તાર હેઠળની નવ બેઠકોમાંથી એક બાદશાહપુર સેગમેન્ટમાં ૪.૫ લાખ મતદારો છે. ભાજપના અંદાજને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે બાદશાહપુરમાં લગભગ ૧.૨૫ લાખ આહીર (યાદવ), ૬૦ હજાર જાટ, ૫૦ હજાર અનુસૂચિત જાતિના સભ્યો, ૩૫ હજાર બ્રાહ્મણો અને ૩૦ હજાર પંજાબીઓ છે. અહીં ગુર્જર, રાજપૂત અને મુસ્લિમ મતદારો પણ છે.

### વિવિધ જિલ્લામાં બે ઈંચથી લઈને ઝાપટા વરસ્યા

# સૌરાષ્ટ્રમાં વરસાદી ઝાપટા : રાપરમાં ૨.૫૬ ઈંચ, હળવદમાં દોઢ ઈંચ વરસ્યો

## રાપરમાં આજે ૨.૫૬ ઈંચ જેવો ધોધમાર વરસાદ વરસ્યો છે ભચાઉમાં પોણો ઈંચ, ગાંધીધામમાં ૦.૩૯ ઈંચ વરસાદ નોંધાયો છે

રાજકોટ, તા.૪

સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી વચ્ચે કચ્છમાં ફરી હવામાન પલટાયું હતું. સમગ્ર કચ્છમાં વરસાદી માહોલ છવાયો હતો. દરમિયાન મંગળવારે સવારે ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી પૂર્વ કચ્છમાં રાપરમાં આજે અઢી ઈંચ, ભચાઉ એક અને ગાંધીધામ અડધો ઈંચ વરસાદ નોધાયો છે. અન્યત્ર ઝરમર ઝરમર છાંટા વરસ્યા હતા. સાંજ સુધીમાં કચ્છના રાપરમાં આજે ૨.૫૬ ઈંચ જેવો ધોધમાર વરસાદ વરસ્યો છે. ભચાઉમાં પોણો ઈંચ, ગાંધીધામમાં ૦.૩૯ ઈંચ વરસાદ નોંધાયો છે. ખંભાળિયા શહેરમાં પાંચેક દિવસના મેઘ વિરામ બાદ આજરોજ સાંજે પુનઃ ઘટાટોપ વરસાદી માહોલ છવાયો હતો અને સાંજે આશરે સાતેક વાગ્યાથી ધીમીધારે શરૂ થયેલા વરસાદે વેગ પકડ્યો હતો અને રાત્રી સુધીમાં એક ઈંચથી વધુ વરસાદ વરસાવી દીધો હતો. જેના પગલે શહેરના જુદા જુદા માર્ગો પર પાણી ચાલી નીકળ્યા હતા.ઉપરાંત મોરબીના હળવદમાં ૧.૬૯ ઈંચ, માળિયામાં ૦.૯૮ ઈંચ, વાંકાનેરમાં ૦.૪૩ ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે ભાવનગરના સિહોરમાં ૦.૯૧ ઈંચ, ભાવનગરમાં ૦.૬૯ ઈંચ, ઘોઘામાં ૦.૫૧ ઈંચ વરસાદ વરસ્યો છે.

રાજકોટ શહેર તેમજ તાલુકામાં પણ ધોધમાર ઝાપટા વરસ્યા છે અને સાંજ સુધીમાં ૦.૭૯ ઈંચ, કોટડાસાંગાણીમાં ૦.૭૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. સુરેન્દ્રનગરના દસાડામાં ૦.૫૫ ઈંચ, ધ્રાંગધ્રા ૦.૩૯ ઈંચ પાણી વરસી ગયું હતું.

### ભારતીય કુસ્તીબાજો કોંગ્રેસના રાહુલ ગાંધીને મળ્યા

# વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા રાહુલ ગાંધીને મળ્યા

## વિનેશ ફોગાટ કોંગ્રેસની ટિકિટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ઉતરી શકે

નવી દિલ્હી,તા.૪

હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ તમામ રાજકીય પક્ષો ચૂંટણીની તૈયારીઓમાં વ્યસ્ત છે. છેલ્લા કેટલાક દિવસોની અટકળો બાદ હવે વિનેશ ફોગાટ અને રાહુલ ગાંધીની મુલાકાતના સમાચાર આવ્યા છે. ભારતીય કુસ્તીબાજો વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને મળ્યા છે. મહત્વનું છે કે, બંને કુસ્તીબાજો અને રાહુલ ગાંધી વચ્ચેની મુલાકાતની તસવીર સામે આવી છે, જે બાદ હવે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે વિનેશ ફોગાટ કોંગ્રેસની ટિકિટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ઉતરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી એવી અટકળો ચાલી રહી હતી કે વિનેશ ફોગાટ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ શકે છે. હવે આ બેઠકનું ચિત્ર સપાટી પર આવ્યા બાદ આની શક્યતા વધી રહી છે. રાહુલ ગાંધીને મળ્યા પહેલા જ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે જો વિનેશ ફોગાટ સક્રિય રાજકારણમાં પ્રવેશ કરશે તો તે કોંગ્રેસમાં જોડાઈ શકે છે. તાજેતરમાં જ વિનેશ જીંદ, રોહતક અને શંભુ બોર્ડર ખાતે ખાપ પંચાયતો અને ખેડૂતોને મળી, જ્યાં તેને ખાપ પંચાયત દ્વારા ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. તેણીએ કહ્યું, જ્યારે હું મુશ્કેલીમાં હતી ત્યારે ખેડૂતોએ મારો સાથ આપ્યો હતો.

કોંગ્રેસે પણ વિનેશને પોતાની તરફ આકર્ષવા માટે પગલાં લીધાં છે. જ્યારે વિનેશે નિવૃત્તિની જાહેરાત કરી ત્યારે કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર સિંહ હુડ્ડા તેની સાથે જોવા મળ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ પણ વિનેશને રાજ્યસભામાં મોકલવાની માગણી કરી હતી, જોકે તેની ઉંમરને કારણે આ શક્ય નહોતું. વિનેશના કાકા મહાવીર ફોગાટ અને પિતરાઈ બહેન બબીતા ફોગાટે કોંગ્રેસની આ પહેલની ટીકા કરી હતી. વિનેશ ફોગાટની સંભવિત રાજકીય એન્ટ્રી હરિયાણાની રાજનીતિમાં મોટો બદલાવ લાવી શકે છે. ખાપ પંચાયતો અને ખેડૂતો સાથેના તેમના મજબૂત સંબંધો તેમને ચૂંટણીમાં મોટું સમર્થન મેળવી શકે છે. જો કે વિનેશે હજુ સુધી રાજકારણમાં પ્રવેશવાની ઔપચારિક જાહેરાત કરી નથી, પરંતુ રાજકીય પક્ષો તેને આકર્ષવા માટે ઘણા સમયથી પ્રયાસ કરી રહ્યા છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં વિનેશ ફોગાટની ભૂમિકા હરિયાણાના રાજકારણમાં મહત્વનો વળાંક સાબિત થઈ શકે છે.

### મોતિયાના ઓપરેશનમાં રાજ્ય અગ્રેસર

# ગુજરાતમાં ચાર વર્ષમાં ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ સફળ કીકી પ્રત્યારોપણ થયા

## આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને તાલીમ આપવામાં આવેલ છે

ગાંધીનગર, તા.૪

રાજ્યભરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા, તાલુકા, શહેર અને ગામોમાં સ્વચ્છતા અને સંભવિત રોગચાળા સ્થિતિને નિયંત્રણમાં રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જિલ્લા પ્રભારી સચિવ, જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરોને સુચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે વડોદરામાં અતિ ભારે વરસાદને પગલે ઊભી થયેલી પૂરની પરિસ્થિતિ અને પૂર ઓસર્યા બાદ ફલડ રાહતની કામગીરી માટે સમગ્ર તંત્ર રાત-દિન કાર્યરત છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં વડોદરાના જરૂરિયાતમંદ નાગરિકોને આરોગ્ય સંબંધિત અસુવિધા ઊભી ન થાય તે માટે સુરત જિલ્લા આરોગ્ય વિભાગની બે મેડિકલ ટીમ એમ્બ્યુલન્સ વાન સાથે વડોદરા ખાતે આરોગ્ય સેવા આપી રહી છે. જરૂરિયાતમંદોને જરૂરી તબીબી સેવાઓ અને આવશ્યક દવાઓ પૂરી પાડીને સ્વાસ્થ્ય સંબંધિત કોઈ પણ મુશ્કેલીનો સામનો નાગરિકોને ન કરવો પડે એ માટે નાના-મોટા વડીલો સૌ કોઈના આરોગ્યની સંપૂર્ણ કાળજી રાજ્ય સરકાર રાખી રહી છે. રાજ્ય અને જિલ્લાનું આરોગ્યતંત્ર પુર અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોના સ્વાસ્થયની દરકાર કરી રહ્યું છે.

વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદ બાદ વાહકજન્ય રોગો તેમજ પાણીજન્ય રોગોનું પ્રમાણ વધવાની સંભાવના હોવાથી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એડવાઈઝરી જાહેર કરી લોકોને વાહકજન્ય અને પાણીજન્ય રોગોથી બચવા માટે તકેદારીનાં પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગની ૫૮૧ જેટલી ટીમો વાહકજન્ય અને પાણીજન્ય રોગોના નિયંત્રણ માટે કામ કરી રહી છે.

આ ઉપરાંત દાહોદ જિલ્લા અને ઝાલોદ શહેરમાં ભારે વરસાદ બાદ નગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ, કલોરીનેશન, ફોગિંગ સહિતની કામગીરી માટે ટીમ બનાવી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લાના ઝાલોદમાં મેઈન બજાર, સહિત વગેરે સ્થળોએ સફાઈ કરીને દવાના છંટકાવની કામગીરી પૂરજોશમાચાલી રહી છે. આ જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં ગત સપ્તાહમાં થયેલા ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા બાદ મચ્છરજન્ય રોગચાળો કે અન્ય બિમારીઓ ન ફેલાય તે માટે અગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં સફાઈ અભિયાનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. નગરપાલિકાની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદના પગલે ભરાઈ ગયેલા કચરા-પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં ટી.બી હોસ્પિટલ પાછળનો વિસ્તાર, દુધરેજ વોર્ડ નંબર ૦૧, વોર્ડ નંબર ૦૪, રેલ્વે અંડરબ્રિજ સહિતના સ્થળોએ યુદ્ધના ધોરણે સાફ - સફાઈ શરૂ કરવામાં આવી હતી. તેમજ ભૂગર્ભ ગટરોમાં અટવાયલો કચરાનો યોગ્ય રીતે નિકાલ કરી ભૂર્ગભ ગટરો સાફ કરવામાં આવી હતી. જે વિસ્તારમાં વધુ પડતો કચરો હતો ત્યાં જેસીબી, ટ્રેક્ટરની મદદથી ઘન કચરાના નિકાલની કામગીરી કરવામાં આવી હતી. તાપી જિલ્લામાં ગત દિવસોમાં પડેલા વરસાદ બાદ મચ્છર ઉપદ્રવ રોગચાળા અટકાયત અને સાવચેતીના ભાગરૂપે વ્યારા નગરપાલિકાની ટીમ દ્વારા સાફસફાઈ બાદ વિવિધ સ્થળોએ દવા છંટકાવ, પાઉડર છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે. નગરની સાફ સફાઈ માટે સફાઈકર્મીઓ પુરી મહેનતથી નોધપાત્ર કામગીરી કરી રહ્યા છે. તાપી જિલ્લામાં આજ રોજ નવી વસાહત વોર્ડ નંબર ૦૭, વેગી ફળિયું, વોર્ડ નંબર ૦૫,મિશ્રશાળા પાસે, વોર્ડ નંબર ૦૨, પાટ ફળિયું વૉર્ડ નંબર ૦૪માં દવા અને પાઉડર છંટકાવની કામગીરી કરવામાં આવી હતી.

### અંડરપાસ બંધ કરાતાં વાવોલ-ગાંધીનગરનો રસ્તો લાંબો થયો

# ગાંધીનગરનો વરસાદ વાહનચાલકોને નડ્યો વેસ્ટ કલેક્શનનું વાહન ખાડામાં ફસાયું

## ગત રાત્રે ધોધમાર વરસાદ બાદ સવારના સમયમાં સેંકડો વાહનો ખાડા અને પાણીમાં ફસાઈ ગયા હતા

ગાંધીનગર, તા.૪

પાછલા ત્રણ ચોમાસાથી ગાંધીનગર વાસીઓ માટે દરેક વરસાદ નવી આફત લઈને આવી રહ્યો છે. પાટનગરને સ્માર્ટ સિટી બનાવવા સરકારે આપેલી કરોડોની ગ્રાન્ટ દ્વારા શરૂ થયેલા પ્રોજેક્ટ્સે નગરજનોની મુશ્કેલી વધારી છે. દરેક વરસાદમાં અંડરપાસમાં પાણી ભરાઈ જતા હોવાથી વાહનચાલકોને અગવડ પડે છે. ગત રાત્રે ધોધમાર વરસાદ બાદ સવારના સમયમાં સેંકડો વાહનો ખાડા અને પાણીમાં ફસાઈ ગયા હતા. સામાન્ય રીતે આ સમસ્યા ઘ-૪ અંડરપાસમાં વધારે રહેતી હોય છે, પરંતુ આ વખતે મહાત્મા મંદિરથી વાવોલનો અંડરપાસ પાણીથી છલકાઈ ગયો હતો. હોટલ લીલા નજીકના આ અંડરપાસને કલાકો સુધી બંધ કરવો પડ્યો હતો. ગાંધીનગરથી વાવોલ જવા માટે ખ-૩ નજીકનું રેલવે ફાટક મહિનાઓથી બંધ છે. આ અંડરપાસ એક બાજુથી બંધ કરી દેવાતા બે-ત્રણ કલાક સુધી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. વાહનચાલકોએ ૧૦-૧૨ કિમીનો લાંબો ફેરો મારીને ગાંધીનગરથી વાવોલ તરફ અવર-જવર કરી હતી. સે-૧૪માં રોડ પર પડેલા ખાડામાં મ્યુનિ. કોર્પોરેશનનું વેસ્ટ કલેક્શનનું વાહન ફસાયું હતું. તેને બહાર કાઢવા માટે જેસીબીની મદદ લેવી પડી હતી. આ ઉપરાંત ગાંધીનગરમાં અનેક સ્થળે વાહનો ફસાયા હોવાથી મ્યુનિ. તંત્ર સતત દોડતુ રહ્યુ હતું.

### ડેમ સંપૂર્ણ ભરાતા નયનરમ્ય નજારો જોવા મળ્યો

# ૨૦૧૯ બાદ ફરી એકવાર ઓવરફ્લો થયો સુખભાદર ડેમ

## સુખભાદર ડેમ પૂર્ણ સપાટીએ ભરાતા ડેમના ૪ દરવાજા એક-એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા

બોટાદ, તા.૪

સુખભાદર ડેમ બોટાદના લોકો માટે જીવાદોરી સમાન છે. હાલ ઉપરવાસમાં સારો વરસાદ વરસતા ડેમ છલકાયો હતો. હાલ ડેમ છલકાવવાને કારણેડેમના ૪ દરવાજા ૧-૧ ફૂટ સુધી ખોલાયા હતા, સલામતીના ભાગરૂપે ત્રણ જિલ્લાના ૨૦ ગામોને કરાયા એલર્ટ કરાયા હતા.સુખભાદર ડેમ વર્ષ ૨૦૧૯માં પૂર્ણ સપાટીએ ભરાયો હતો. રાણપુર અને અમદાવાદના ધંધુકા પંથક વચ્ચે જીવાદોરી સમાન સુખભાદર ડેમ પૂર્ણ સપાટીએ ભરાતા ડેમના ૪ દરવાજા એક-એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. ડેમ સંપૂર્ણ ભરાતા નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. સાવચેતીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા ૨૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

સુખભાદર ડેમ અંગે બોટાદ જિલ્લા કાર્યપાલક ઈજનેર જેશીંગભાઈ સુવરે લોકલ ૧૮ને જણાવ્યું હતું કે, 'વર્ષ ૧૯૮૮માં સુખભાદર ડેમનું બાંધકામ પૂર્ણ કરાયું હતું. આ ડેમની ક્ષમતા ૧૪૫૮ એમ.સી.એફ.ટી છે. આ ડેમ બોટાદ, અમદાવાદ અને સુરેન્દ્રનગરનાએ ગામોને સિંચાઈ પૂરી પાડે છે, તેમજ ૭૦ કિલોમીટરનો વિસ્તાર આવરે છે. ડેમ ૨૦ દરવાજાથી ઓપરેટ કરવામાં આવે છે, જે પૈકી હાલ ૪ દરવાજા ખોલાયા છે. ૨૫૮૯ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પોલીસ જવાનો તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીના કર્મયોગીઓ રાઉન્ડ ધ ક્લોક અહીં તૈનાત કરવામાં આવ્યા છે. આ ડેમ વર્ષ ૨૦૧૯માં પૂર્ણ સપાટીએ ભરાયો હતો. ત્યારબાદ હવે ૨૦૨૪માં આ ઘટનાનું પુનરાવર્તન થયું છે.'

સુખભાદર ડેમ ઓવરફ્લો થવાને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ત્રણ જિલ્લાના નીચાણવાળા ૨૦ ગામોને એલર્ટ કરાયા હતા. જે પૈકી બોટાદ જિલ્લાના નાનાભડલા, લિંબોડા, દેરડી, દેવળીયા, સાંગણપુર, ગધાળીયા, હાંસલપુર, કિનારા, પાટણા, રાણપુર સહિતના ગામોને, અમદાવાદ જિલ્લાના અડવાળ, ધંધુકા, ગલસાણા, ગુંજાર, જાળીયા, મોરશીયા, વાગડ, વાસણા ગામોને તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના મોટાભડલા, ચોરવીરા સહિતના ગામોને એલર્ટ કરાયા છે.

### હિમાચલ સરકારે પસાર કર્યું સંશોધન બિલ

# પક્ષપલટો કરનાર ધારાસભ્યોને પેન્શન આપવામાં નહીં આવે

## જો કોઈ વ્યક્તિ બંધારણની ૧૦ મી અનુસૂચિ હેઠળ અયોગ્ય જાહેર થાય, તો તે આ અધિનિયમ હેઠળ પેન્શનનો હકદાર નહીં રહે

સીમલા, તા.૪

હિમાચલ પ્રદેશમાં પક્ષપલટો કરનાર નેતાઓને લઈને કડક કાયદો બનાવવામાં આવ્યો છે. કોંગ્રેસની સુખવિંદર સિંહ સુકખૂ સરકાર દ્વારા બનાવવામાં આવેલા આ કાયદા અનુસાર, જે પણ ધારાસભ્ય પક્ષપલટો કરશે, તેને પેન્શન નહીં મળે. હિમાચલ પ્રદેશ વિધાનસભાએ બુધવારે 'હિમાચલ પ્રદેશ વિધાનસભા સંશોધન બિલ ૨૦૨૪' પસાર કર્યું હતું. જે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અયોગ્ય જાહેર ધારાસભ્યો પર લાગુ પડે છે. બિલમાં કહેવામાં આવ્યું કે, જો કોઈ વ્યક્તિ બંધારણની ૧૦ મી અનુસૂચિ હેઠળ અયોગ્ય જાહેર થાય, તો તે આ અધિનિયમ હેઠળ પેન્શનનો હકદાર નહીં રહે. ૧૦ મી અનુસૂચિ પક્ષપલટા વિરોધી કાયદા વિશે વાત કરે છે. આ નવા કાયદા પહેલાં પક્ષપલટો કરનાર ધારાસભ્યોને પણ પેન્શન મળતી હતી. આ કાયદો પાર્ટી બદલનારને રોકવા અને રાજકીય નૈતિકતાને પ્રોત્સાહન આપવા માટે લાવવામાં આવ્યો છે. વિપક્ષ આ કાયદાનો વિરોધ કરી રહ્યું છે.

તેમનું કહેવું છે કે, આ કાયદો ધારાસભ્યોના અધિકારોનું હનન કરે છે. જોકે, સત્તાધારી પાર્ટીનું કહેવું છે કે, આ કાયદો રાજનીતિમાં ભ્રષ્ટાચારને ઓછો કરવામાં મદદ કરશે. તેમજ તેનાથી ધારાસભ્યો જનતા પ્રત્યે જવાબદાર રહેશે.આ પહેલાં છ કોંગ્રેસ ધારાસભ્ય-સુધીર શર્મા, રવિ ઠાકુર, રાજિંદર રાણા, ઈન્દર દત્ત લખનપાલ, ચૈતન્ય શર્મા અને દેવેન્દ્ર કુમાર ફેબ્રુઆરીમાં પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતાં. આ ધારાસભ્યો ૨૦૨૪-૨૫ ના બજેટ અને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન ગૃહમાં હાજર નહતાં. તેઓએ પાર્ટીના નિર્દેશનું પાલન નહતું કર્યું. સુધીર શર્મા અને ઈન્દર દત્ત લખનપાલે બાદમાં પેટાચૂંટણી જીતીને ગૃહમાં વાપસી કરી હતી. જોકે, બાકીના ચાર ધારાસભ્યો ચૂંટણી હારી ગયાં હતાં. આ છ કોંગ્રેસ ધારાસભ્યોએ ફેબ્રુઆરીમાં રાજ્યભાની ચૂંટણીમાં ભાજપ ઉમેદવાર હર્ષ મહાજનના પક્ષમાં મતદાન કર્યું હતું.

### દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક મેઘમહેર

# વાલિયા તાલુકામાં સૌથી વધુ ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો

## છેલ્લા ૨૪ કલાકમાં ડાંગ જિલ્લામાં સરેરાશ ૬ ઇંચથી વધુ વરસાદ; જ્યારે તાપી જિલ્લામાં ૫ ઈંચથી વધુ વરસાદ

ગાંધીનગર, તા.૪

રાજ્યમાં ફરી એકવાર ભારે વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના લગભગ તમામ જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ભરૂચના વાલિયા તાલુકામાં સૌથી વધુ ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, તાપીના સોનગઢમાં ૧૦ ઈંચ અને વ્યારા તાલુકામાં ૯ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ગત ૨૪ કલાકમાં ડાંગ જિલ્લામાં સૌથી વધુ સરેરાશ ૬ ઈંચ કરતા પણ વધારે, જ્યારે સમગ્ર તાપી જિલ્લામાં ૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. તાલુકાની વાત કરીએ તો, સુરતના માંગરોળ, ડાંગના વઘઈ, નર્મદાના તિલકવાડા, તાપીના ઉચ્છલ અને ભરૂચ તાલુકામાં ૭ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સાથે જ, તાપીના ડોલવણ, ડાંગના સુબિર, ખેડાના નડિયાદ અને નવસારીના વાંસદા તાલુકામાં ૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જ્યારે, મહીસાગરના લુણાવાડા અને ખેડાના કપડવંજ તાલુકામાં ૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પંચમહાલના મોરવા હડફ અને ગોધરા, વડોદરાના કરજણ, સાબરકાંઠાના હિંમતનગર અને પ્રાંતિજ, નર્મદાના નાંદોદ અને ગરુડેશ્વર, ડાંગના આહવા, તાપીના વાલોડ, ખેડાના કઠલાલ, મહીસાગરના વિરપુર, અરવલ્લીના બાયડ ઉપરાંત મહેસાણા તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. સાથે જ, રાજ્યના આશરે ૨૨ તાલુકામાં ૩ ઈંચથી વધુ, ૩૯ તાલુકામાં ૨ ઈંચથી વધુ, ૪૫ તાલુકામાં ૧ ઈંચથી વધુ તેમજ ૪૮ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યના કુલ ૧૮૩ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરેરાશ એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આજે તારીખ ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૬ ટકાથી વધુ નોંધાયો છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૭૯ ટકા કરતા પણ વધારે અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૫ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૧૭ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૧૩ ટકાથી વધુ, જ્યારે, ઉત્તર ગુજરાતમાં હજુ સુધી ૯૫ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

### ચૂંટણી રેલીમાં રાહુલ ગાંધીનો હુંકાર

# ભાજપ ઇચ્છે કે ન ઇચ્છે, કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવો પડશે

## અમે દેશને બંધારણ આપ્યું છે : તમારા લોકોની સંપત્તિ તમારી પાસેથી છીનવીને બહારના લોકોને આપવામાં આવી રહી છે : રાહુલ ગાંધી

રામબન, તા.૪

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી બુધવારે (૪ સપ્ટેમ્બર ૨૦૨૪) રામબન પહોંચ્યા હતા. રાહુલે અહીં ગુલ વિસ્તારના સાંગલદાનમાં એક રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

રેલીને સંબોધતા રાહુલે કહ્યું કે, 'હું અહીં તમારા દરેકનું સ્વાગત કરું છું. તમે જોયું હશે કે સમગ્ર દેશમાં ભાજપ - આરએસએસના લોકો હિંસા અને ભય ફેલાવી રહ્યા છે. લડાઈ માત્ર બે જ વસ્તુઓ વચ્ચે છે, નફરત અને પ્રેમ. અમે એક સૂત્ર આપ્યું છે કે, નફરતની બજારમાં પ્રેમની દુકાન ખોલીશું. નફરતને પ્રેમ દ્વારા હરાવી શકાશે. પહેલા મોદી છાતી કાઢીને આવતાં હતા પરંતુ હવે..... (ઈશારાથી કહે છે) આ રીતે આવે છે.

જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવા વિશે રાહુલ ગાંધીએ કહ્યું કે, 'પહેલીવાર હિંદુસ્તાનના રાજ્યમાંથી લોકોના અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછો આપવો પડશે. તમારી પાસેથી અધિકારો છીનવી લેવામાં આવ્યા છે. અમે દેશને બંધારણ આપ્યું છે. તમારા લોકોની સંપત્તિ તમારી પાસેથી છીનવીને બહારના લોકોને આપવામાં આવી રહી છે. અમે ઈચ્છતા હતા કે ચૂંટણી પહેલા તમને રાજ્યનો દરજ્જો મળે અને પછી ચૂંટણી યોજાય, પરંતુ ભાજપ આવું નથી ઈચ્છતી.પરંતુ ભાજપ ઈચ્છે કે ન ઈચ્છે, અમે એટલું દબાણ કરીશું કે ભાજપને રાજ્યનો દરજ્જો આપવો પડશે. મોદીજીએ સમગ્ર દેશમાં બેરોજગારી ફેલાવી છે. તમે અદાણીનું નામ સાંભળ્યું છે? અદાણી મોદીજીના મિત્ર, જે બધા નાના કામ કરે છે, અને મોદીજી તેમના માટે GST લઈ આવે છે.'

જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેર થયા બાદ તમામ રાજકીય પક્ષો ચૂંટણીની તૈયારીમાં જોડાઈ ગયા છે. હરિયાણામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (છછઁ) વિધાનસભા ચૂંટણી માટે ગઠબંધનની વાતચીત ચાલી રહી છે. તો જમ્મુ કાશ્મીરમાં રાહુલ ગાંધીની રેલીઓ સાથે કોંગ્રેસ પાર્ટીનો ચૂંટણી પ્રચાર શરુ થઈ ગયો છે. આ સાથે ભારતીય જનતા પાર્ટી આજે હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી શકે છે. પરંતુ આ દરમિયાન જમ્મુ કાશ્મીરની ચૂંટણી રેલીમાં રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર જોરદાર પ્રહારો કર્યા હતા.

જમ્મુ-કાશ્મીરમાં એક રેલીને સંબોધન કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, "સરકાર માત્ર અદાણી અને અંબાણીને ફાયદો પહોંચાડવા માટે કામ કરી રહી છે. જમ્મુ અને કાશ્મીરમાં દેશના અન્ય ભાગો કરતાં વધુ બેરોજગારી છે. ક્યારેક મોદીજી દરિયાની નીચે ચાલ્યા જાય છે, તો ક્યારેક કોઈ રાજનેતાને ગળે લગાડે છે. પરંતુ તેઓ ક્યારેય બેરોજગારી વિશે વાત નથી કરતા. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની સરકાર સત્તામાં આવવાની છે. અમે દરેક સરકારી ખાલી જગ્યાઓ ભરીશું અને તેની વયમર્યાદાને ૪૦ વર્ષ સુધી વધારીશું. તેમજ દૈનિક વેતન મજૂરોને કાયમી ભરતી કરીશું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, "હવે નરેન્દ્ર મોદી ભારતના લોકોથી ડરે છે અને હવે થોડો સમય બાકી રહ્યો છે, અમે નરેન્દ્ર મોદી અને ભાજપ સરકારને હટાવીશું. અમે ઈચ્છીએ છીએ કે દેશમાં ભાઈચારો રહે, દરેકને સન્માન મળે, અને એકબીજા સાથે સારી રીતે વાત થાય." કાશ્મીરમાં કોંગ્રેસ સરકાર બનાવવા પર રાહુલ ગાંધીએ કહ્યું કે, " કાશ્મીરમાં અમારી સરકાર બનશે અને તમારા માટે પૂરા દિલથી કામ કરવામાં આવશે. આ એક સુંદર જગ્યા છે, ચૂંટણી પછી મારે અહીં ફરી આવવું પડશે. સાંગલદાન એક ખૂબ જ સુંદર જગ્યા છે. હું અહીં ઓછામાં ઓછા ૨ થી ૩ દિવસ વિતાવીશ.

### બીજી એક સિસ્ટમ બંગાળની ખાડીમાં સર્જાવાની આગાહી

# સુરત, છોટા ઉદેપુર અને નર્મદામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ

## બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને ડાંગમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં ફરી એકવાર છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. ભારતીય હવામાન વિભાગે સુરત, છોટા ઉદેપુર અને નર્મદામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે, તો બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને ડાંગમાં યલો અને અમદાવાદ સહિતના જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે.

આ ઉપરાંત રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત કોંકણ, ગોવા, મધ્ય પ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આ દરમિયાન મંગળવારે સૌથી વધુ ૬ ઈંચ વરસાદ ભરૂચના વાલિયામાં ખાબક્યો હતો, જ્યારે છેલ્લા ૧૮ કલાકમાં આ આંકડો ૧૮ ઈંચે પહોંચી ચૂક્યો છે. ગુજરાતમાં મંગળવારના રોજ ૧૯૮ તાલુકામાં વરસાદ વરસ્યો છે, જેમાં ૩ તાલુકામાં ૧૦૦ મિ.મી. કરતાં વધુ, ૧૫ તાલુકામાં ૫૦ મિ.મી. કરતાં વધુ જ્યારે ૧૭૯ તાલુકામાં ૫૦ મિ.મી. કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. આ પૈકી વાલિયામાં ૬ ઈંચ, નેત્રંગમાં ૫ ઈંચ, વલસાડ અને ઉમરપાડામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત કોંકણ, ગોવા, મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે સુરત, નર્મદા અને છોટા ઉદેપુરમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે, તો બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને ડાંગમાં યલો એલર્ટ અને અમદાવાદ સહિતના જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, બીજી એક સિસ્ટમ બંગાળની ખાડીમાં સર્જાશે. તેના કારણે ગુજરાતના વિવિધ ભાગોમાં ત્રીજી સપ્ટેમ્બરથી ૧૧મી સપ્ટેમ્બર સુધીમાં વરસાદ થવાની શક્યતા રહેશે. બંગાળની ખાડીમાં એક પછી એક સિસ્ટમ બનતી જશે જે બાદમાં લો પ્રેશર, ડિપ ડિપ્રેશનમાં પરિવર્તિત થતી રહેશે. ૭ સપ્ટેમ્બરથી ૧૧મી સપ્ટેમ્બર વચ્ચે લગભગ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતમાં પંચમહાલ સહિતના કેટલાક સ્થળે ભારે વરસાદની સંભાવના છે, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવાથી ભારે વરસાદની સંભાવના છે.

### વિધાનસભા ચૂંટણી માટે ભાજપની ખાસ વ્યૂહરચના

# ભાજપ નવા અને યુવા ચહેરાઓ પર હવે લગાવી શકે છે દાવ

## તાજેતરમાં મોદીએ જાતિવાદ અને વંશવાદના રાજકારણને સમાપ્ત કરવા નવું લોહી લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો

નવી દિલ્હી,તા.૪

જમ્મુ-કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. આ પછી આ વર્ષના અંતમાં મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. ભાજપે આ તમામ રાજ્યો માટે તૈયારી કરી લીધી છે અને વિધાનસભાની ચૂંટણીમાં બિનરાજકીય પરિવારોના યુવા અને નવા ચહેરાઓને ટિકિટ આપી શકે છે. પીએમ મોદીએ તાજેતરમાં જ આવી અપીલ કરી હતી. તેમના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં, વડા પ્રધાન મોદીએ જાતિવાદ અને વંશવાદના રાજકારણને સમાપ્ત કરવા માટે રાજકારણમાં યુવા ચહેરાઓ અને નવું લોહી લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જો કે ૨૦૧૪ થી, ભાજપે વર્તમાન ઉમેદવારોમાંથી ૩૦-૩૩% હટાવીને નવા ચહેરાઓને ટિકિટ આપવાની પ્રથાને અનુસરી છે, પરંતુ મહારાષ્ટ્ર અને ઝારખંડ રાજ્યોના નેતાઓએ કહ્યું કે હવે વડા પ્રધાનના નિર્દેશને અનુસરવા માટે નક્કર પ્રયાસો કરવા જોઈએ.

ભાજપના રાષ્ટ્રીય કાર્યકર્તાએ જણાવ્યું હતું કે, નવા લોકોને પાર્ટીમાં સામેલ કરવાના વડા પ્રધાનના નિર્દેશનો અમલ મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડ જેવા રાજ્યોમાં કરવામાં આવશે. અધિકારીએ કહ્યું કે એવી સંભાવના છે કે હરિયાણા અને જમ્મુ અને કાશ્મીરમાં યુવા ચહેરાઓ કરતાં જૂના અને અનુભવી ચહેરાઓ વધુ હશે, જ્યાં ૧૮ સપ્ટેમ્બરથી ચૂંટણી યોજાવાની છે. જમ્મુ અને કાશ્મીરમાં, જ્યાં એક દાયકા પછી વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે, પાર્ટીએ ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નિર્મલ સિંહ અને કવિંદર ગુપ્તા જેવા જૂના નેતાઓને ટિકિટ આપી નથી.

આ સિવાય હરિયાણામાં ૫ ઓક્ટોબરે ચૂંટણી યોજાવા જઈ રહી છે અને અહીં ભાજપ ૧૦ વર્ષથી સત્તામાં રહ્યા બાદ સત્તા વિરોધી લહેરનો સામનો કરી રહી છે. જાતિ, અનામત અને શાસનના અભાવની ફરિયાદો સંબંધિત મુદ્દાઓ ભાજપ માટે પડકાર તરીકે ઉભરી આવ્યા છે. જનનાયક જનતા પાર્ટી સાથે ગઠબંધન તોડ્યા બાદ ભાજપ પાસે રાજ્યમાં કોઈ મજબૂત સાથી નથી. બીજેપી નેતાએ કહ્યું કે હરિયાણામાં નેતૃત્વએ સંભવિત ઉમેદવારો વિશે કાર્યકરો પાસેથી પ્રતિક્રિયા માંગી છે. જાતિના સમીકરણો, વય જૂથો અને વિવિધ વર્ગોમાં તેમની લોકપ્રિયતાને ધ્યાનમાં લઈને સૌથી યોગ્ય ઉમેદવારોની યાદી તૈયાર કરવા માટે સર્વેક્ષણો અને ચર્ચાઓ હાથ ધરવામાં આવી હતી. ટૂંક સમયમાં યાદી જાહેર કરવામાં આવશે.બીજેપી નેતાએ સંકેત આપ્યો કે પાર્ટી વિપક્ષી ગઠબંધન આકાર લે અને ઉમેદવારોની યાદી જાહેર થવાની રાહ જોઈ રહી છે જેથી તે 'મજબૂત હરીફ'ને મેદાનમાં ઉતારી શકે. નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવાના નિર્ણયથી પાર્ટીને સત્તા વિરોધી લહેરનો સામનો કરવામાં મદદ મળશે. ''જો કે ત્યાં નવા સીએમ છે (આ વર્ષની શરૂઆતમાં નાયબ સિંહ સૈની દ્વારા મનોહર લાલ ખટ્ટરને બદલવામાં આવ્યા હતા), ધારાસભ્યોના જૂથ સામે નારાજગી છે,'' નેતાએ કહ્યું. નેતાએ કહ્યું કે ૨૦૧૯ માં, પાર્ટી ૯૦ સભ્યોના ગૃહમાં બહુમતી મેળવવામાં નિષ્ફળ ગઈ અને સરકાર બનાવવા માટે જેજેપી પર નિર્ભર રહેવું પડ્યું. ''પાર્ટી દરેક જાતિ, જાટ, ઓબીસી અને અન્ય સમુદાયોના પ્રતિનિધિત્વ માટે યુવા ચહેરાઓ શોધી રહી હતી.''

હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી પછી આ વર્ષના અંતમાં મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ બંને રાજ્યો માટે પણ પાર્ટી ફરીથી યુવા નેતાઓને ઓળખવા અને તેમને તાલીમ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. મહારાષ્ટ્રના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''યુવા મોરચા, લઘુમતી અને મહિલા મોરચા જેવા વિવિધ મોરચા દ્વારા કરવામાં આવેલા અમારા આઉટરીચના કામથી અમને એવા લોકો સાથે જોડવામાં મદદ મળી છે જેઓ વ્યાવસાયિકો, ઉદ્યોગસાહસિકો અને વિદ્યાર્થીઓ પણ છે, જેમનો રાજકારણ સાથે ઓછો અથવા કોઈ સંપર્ક નથી. હવે વિકાસ એજન્ડા અને વિકાસ ભારત અભિયાનથી પ્રેરિત છે, અમે આમાંથી કેટલાક લોકોને એક પ્લેટફોર્મ આપીશું.'' ૨૦૧૯માં ભાજપે ૨૮૮માંથી ૧૬૪ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૧૦૫ જીતી હતી. તેની તત્કાલીન સહયોગી અવિભાજિત શિવસેનાએ ૧૨૬ બેઠકો પર ચૂંટણી લડી હતી.

### હરિયાણામાં ગઠબંધન નહીં કરવાની દિગ્ગજ નેતાની સલાહ

# આમ આદમી પાર્ટીથી દૂર રહેવું સારું, કોંગ્રેસ માટે એ જ યોગ્ય

## આગામી થોડા જ દિવસોમાં હરિયાણામાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ગઠબંધનને લઈને ચિત્ર સ્પષ્ટ થશે

ચંદીગઢ, તા.૪

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણી પહેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધનને લઈને રાજકીય હલચલ તેજ છે. હરિયાણા ચૂંટણી સાથે લડવા અંગે રાહુલ ગાંધીની ઓફર પર આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે ગઈ કાલે મોટું નિવેદન આપ્યું હતું. પરંતુ આજે કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાઓ સંભવિત ગઠબંધન અંગે કોંગ્રેસને સલાહ આપી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રતાપ સિંહ બાજવાએ કહ્યું કે, હરિયાણામાં આમ આદમી પાર્ટી સાથે કોંગ્રેસનું ગઠબંધન ન થવું જોઈએ. કોંગ્રેસ આમ આદમી પાર્ટીથી જેટલી દૂર રહેશે એટલું જ તેના માટે સારું છે. હરિયાણામાં વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સંભવિત ગઠબંધન અંગે AAPના વરિષ્ઠ નેતા સજય સિંહે કહ્યું કે આગામી થોડા જ દિવસોમાં હરિયાણામાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ગઠબંધનને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ જશે. એ સ્પષ્ટ થઈ જશે કે અમે રાજ્યની ૯૦ બેઠકો પર ચૂંટણી લડીશું કે નવ બેઠકો પર.

બીજી તરફ AAP હરિયાણાના પ્રદેશ અધ્યક્ષ સુશીલ ગુપ્તાએ કહ્યું કે, રાજ્યમાં ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનની સંભાવનાથી ઈનકાર ન કરી શકાય. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ નેતૃત્વ સંભાવના શોધી રહી છે. જો સંભાવના બનશે તો અમે તે દિશામાં આગળ વધીશું. પરંતુ ગઠબંધન સ્થાનિક સ્તરના નિર્ણય પર નહીં થશે પરંતુ હાઈકમાન્ડ તેના પર નિર્ણય કરશે.

તેમણે કહ્યું કે, AAPનો હેતુ ભાજપની અહંકારી તાનાશાહી સરકારને જડમૂળમાંથી ઉખાડી ફેંકવાનો છે અને તેના માટે જે રસ્તો અપનાવવો પડશે એ અપનાવીશું. ગઠબંધન પર જે પણ નિર્ણય લેવામાં આવશે તે રાજ્ય અને દેશના હિતમાં જ લેવામાં આવશે. ભાજપની હરિયાણામાંથી વિદાય નક્કી છે. બંને પાર્ટીઓ I.N.D.I.A. ગઠબંધનનો હિસ્સો છે પરંતુ હું ૯૦ બેઠકો પર તૈયારી કરી રહ્યો છું. આમ આદમી પાર્ટીનો ૯૦ બેઠકો પર આધાર છે, ઉમેદવારોની ચકાસણી થઈ ચૂકી છે. બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા બીરેન્દ્ર સિંહે કહ્યું કે, આમ તો કોંગ્રેસ ૯૦ બેઠકો પર ચૂંટણી લડવા માટે સક્ષમ છે. હરિયાણામાં લોકો I.N.D.I.A. ગઠબંધન અંગે વાતો કરી રહ્યા છે. કોંગ્રેસ કોઈનાથી નબળી નથી. પરંતુ સાથીઓને સાથે લઈને ચાલવું એ પણ અમારું કામ છે.

### ભાજપે સોંપી મોટી જવાબદારી

# યુપીમાં અપર્ણા યાદવ બન્યા મહિલા આયોગના ઉપાધ્યક્ષ

## અપર્ણા યાદવ ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહના પુત્રવધૂ છે

લખનૌ, તા.૪

ઉત્તર પ્રદેશમાં ભાજપે યુપીના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવની નાની વહુ અપર્ણા યાદવને મોટી જવાબદારી સોંપી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની આગેવાની હેઠળની ઉત્તર પ્રદેશ સરકારે મંગળવારે બબીતા ચૌહાણને રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે, જ્યારે અપર્ણા યાદવને આયોગના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અપર્ણા યાદવ જાન્યુઆરી ૨૦૨૨માં ભાજપમાં જોડાઈ હતી. અઢી વર્ષ બાદ તેમને કોઈ મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

અપર્ણા યાદવ ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ પહેલા ભાજપમાં જોડાઈ હતી. જે બાદ ભગવા પાર્ટી ચૂંટણી લડે તેવી સંભાવના હતી, પરંતુ એવું થયું નહીં. આ પછી, એવા ઘણા પ્રસંગો આવ્યા જ્યારે અપર્ણા યાદવને વિધાન પરિષદના સભ્ય બનાવવાની અથવા પેટાચૂંટણીમાં ભાજપ દ્વારા ઉમેદવાર બનાવવાની ચર્ચા થઈ, પરંતુ આ વાતો પણ અટકળો સાબિત થઈ હતી. ભાજપના સંગઠનમાં પણ અપર્ણા યાદવને છેલ્લા અઢી વર્ષથી કોઈ મોટી જવાબદારી મળી શકી નથી. જો કે, તેણીએ પાર્ટી માટે કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. યુપી મહિલા આયોગના ઉપાધ્યક્ષ તરીકે અપર્ણા યાદવની નિમણૂક કરતું નોટિફિકેશન ૩ સપ્ટેમ્બરની સાંજે બહાર પાડવામાં આવ્યું હતું. મહિલા કલ્યાણ વિભાગ દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ રાજ્યપાલ આનંદબેન પટેલે આગ્રાની બબીતા ??ચૌહાણને યુપી મહિલા આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. અપર્ણા યાદવની સાથે ગોરખપુરના ચારુ ચૌધરીને આયોગના ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ સિવાય કમિશનમાં ૨૫ સભ્યો છે. અંજુ પ્રજાપતિ, ડૉ.પ્રિયંકા મૌર્ય, રિતુ શાહી, મેરઠથી એકતા સિંહ, હિમાની અગ્રવાલ, મીનાક્ષી ભરલા, મેરઠથી મનીષા અહલાવત, કાનપુરથી પૂનમ દ્વિવેદી અને અનીતા ગુપ્તા, બિજનૌરથી અવની સિંહ, સંગીતા જૈન અજ્ઞુ, સુનિતા શ્રીવાસ્તવ, બાલલિયા જહાન્વી અનુપમા સી તરફથી. ખેરીથી સુજીતા કુમારી, અલીગઢથી મીના કુમારી, મિર્ઝાપુરથી નીલમ પ્રભાત, જૌનપુરથી ગીતા બિંદ, પ્રયાગરાજથી ગીતા વિશ્વકર્મા, બરેલીથી પુષ્પા પાંડે, રામપુરથી સુનીતા સૈની, લલિતપુરથી અર્ચના પટેલ, સંત કબીરનગરથી જનક નંદિની, પ્રતિમા કબીરનગરથી પ્રતિમા કૌશલ્યા, કાસગંજથી રેણુ ગૌર, સહારનપુરથી સપના કશ્યપ.

અપર્ણા યાદવ ઉત્તર પ્રદેશના દિવંગત મુખ્યમંત્રી મુલાયમ સિંહના પુત્ર પ્રતીક યાદવની પત્ની છે. અખિલેશ યાદવે ૨૦૧૭ની યુપી વિધાનસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની ટિકિટ પર લખનૌ કેન્ટથી અપર્ણા યાદવને મેદાનમાં ઉતાર્યા હતા. જો કે, તેમને ભાજપના રીટા બહુગુણા જોશીના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં એવી ચર્ચાઓ પણ તીવ્ર બની હતી કે ભાજપ અપર્ણાને યુપીની કોઈપણ બેઠક પરથી ઉમેદવાર બનાવી શકે છે. માર્ચ ૨૦૨૪માં તે દિલ્હીમાં બીજેપીના રાષ્ટ્રીય મહાસચિવ સુનીલ બંસલને મળી હતી, પરંતુ આ વખતે પણ તેને ટિકિટ મળી નથી.

### ૭૮ લાખ EPS પેન્શનરો માટે ખુશખબર

# પહેલી જાન્યુઆરીથી દેશની કોઈ પણ બેન્ક માંથી મળશે પેન્શન

## શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જાણકારી આપી : ૭૮ લાખ જેટલાં EPS પેન્શન ધારકોને ફાયદો

નવી દિલ્હી, તા.૪

એમ્પલોઇ પેન્શન સ્કીમ (EPS) હેઠળ પેન્શન મેળવનાર લોકો માટે મહત્ત્વના સમાચાર છે. ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી EPS પેન્શનરો દેશના કોઈપણ ખૂણેથી, કોઈપણ બેન્કની, કોઈપણ શાખામાંથી પેન્શન મેળવી શકશે. શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયા દ્વારા આ જાણકારી આપવામાં આવી છે. આ નિર્ણયથી ૭૮ લાખ જેટલાં EPS પેન્શન ધારકોને ફાયદો થશે.

શ્રમ અને રોજગાર મંત્રી અને સેન્ટ્રલ બોર્ડ ઑફ ટ્રસ્ટીઝ, EPF ના ચેરપર્સન મનસુખ માંડવિયાએ એમ્પલોઈ પેન્શન સ્કીમ ૧૯૯૫ માટે સેન્ટ્રલાઇઝ્ડ પેન્શન સિસ્ટમના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સેન્ટ્રલાઈઝ્ડ પેન્શન પેમેન્ટ સિસ્ટમ દ્વારા રાષ્ટ્રીય સ્તરે સેન્ટ્રલાઇઝ્ડ સિસ્ટમ તૈયાર થવાથી ભારતના કોઈપણ ખૂણેથી, કોઈપણ બેન્કની, કોઈપણ બ્રાન્ચમાંથી પેન્શનર્સને પેન્શન આપી શકાશે. સેન્ટ્રલાઈઝ્ડ પેમેન્ટ સિસ્ટમથી EPFO ના ૭૮ લાખ EPS પેન્શનર્સને લાભ થશે.

EPS ના આ નિર્ણય પર શ્રમ અને રોજગાર મંત્રીએ કહ્યું, સેન્ટ્રલાઈઝ્ડ પેન્શન પેમેન્ટ સિસ્ટમનો નિર્ણય EPFO ના આધુનિકરણમાં મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થવા જઈ રહ્યો છે. દેશમાં ગમે ત્યાં, કોઈપણ બેન્કની, કોઈપણ બ્રાન્ચથી પેન્શનર્સને પેન્શન મળવાથી લાંબા સમયથી પડી રહેલી મુશ્કેલીઓ દૂર કરવામાં મદદ મળશે.સેન્ટ્રલાઈઝ્ડ પેમેન્ટ સિસ્ટમ દ્વારા દેશમાં પેન્શન વિતરણમાં મદદ મળશે અને તેના માટે પેન્શન પેમેન્ટ ઓર્ડરને ટ્રાન્સફર કરવાની પણ જરૂર નહીં પડે. પહેલાં પેન્શનર્સને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે, બેન્ક અથવા શાખા બદલાવવા માટે પેન્શન પેમેન્ટ ઓર્ડર રજૂ કરવો પડતો હતો.

જે પેન્શનર્સ નિવૃત્તિ બાદ પોતાના હોમટાઉન જતા રહે છે, તેમને આ નિર્ણયથી મોટી રાહત મળશે. આગળના ફેઝમાં સેન્ટ્રલાઈઝ્ડ પેમેન્ટ સિસ્ટમને આધાર બેઝ્ડ પેમેન્ટ સિસ્ટમ સાથે જોડવામાં આવશે.

### નર્મદા ડેમમાં ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ

# ભારે વરસાદને પગલે ગુજરાતના ૧૧૫ જળાશયો ૧૦૦% ભરાયા

## નર્મદા ડેમમાંથી ૨.૪૫ લાખ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે : ૨૦૭ જળાશયોમાં ૮૧ ટકાથી વધુ પાણીનો જથ્થો

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં મેઘરાજાની સાર્વત્રિક મહેરના પરિણામે રાજ્યના ૫૫ ટકાથી વધુ એટલે કે ૨૦૬ જળાશયોમાંથી ૧૧૫ જળાશયો સંપૂર્ણ-૧૦૦ ટકા જ્યારે ૪૫ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૧૭ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૦ ડેમમાં ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૯ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે.સરદાર સરોવર યોજનામાં હાલમાં ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૮૧ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે.

આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૨.૩૫ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૪૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. વણાકબોરી જળાશયમાં ૧.૬૬ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૬૬ લાખની જાવક, ઉકાઈમાં ૧.૪૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૪૭ લાખની જાવક, કડાણા જળાશયમાં ૭૧ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૯૬ હજાર ક્યુસેક પાણીની જાવક તેમજ પાનમ જળાશયમાં ૨૩ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૨૨ હજાર ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે. આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૨ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૮૫ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૮ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૫૨ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. આમ સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં અત્યાર સુધીમાં ૮૧ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયો છે. ગત વર્ષે આ સમયે આ ૨૦૭ જળાશયોમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો.

### IPLમાં રાજસ્થાન રોયલ્સની ટીમને આપશે કોચિંગ

# પૂર્વ ક્રિકેટર રાહુલ દ્રવિડ ફરીવાર હેડ કોચ બન્યા

## IPL ની સીઝન પહેલા તે RR ના મુખ્ય કોચ બન્યા છે

નવી દિલ્હી,તા.૪

ભારતીય ટીમના પૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫માં મોટી જવાબદારી મળી છે. IPLની ૨૦૨૫ સીઝન પહેલા તે રાજસ્થાન રોયલ્સ (RR) ના મુખ્ય કોચ બન્યા છે. ઉલ્લેખનીય છે કે રાહુલ દ્રવિડ આ વર્ષે જૂનમાં ટી૨૦ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમના મુખ્ય કોચ હતા.

'ESPNcricinfo'ના અહેવાલ મુજબ, દ્રવિડે તાજેતરમાં જ ફ્રેન્ચાઈઝી સાથે કરાર કર્યો છે. તેણે આગામી મેગા ઓક્શન પહેલા ખેલાડીઓને જાળવી રાખવા અંગે પ્રાથમિક વાતચીત કરી છે. અંડર-૧૯ યુગથી દ્રવિડનો રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન સાથે સંબંધ છે. રાજસ્થાન રોયલ્સ સાથે દ્રવિડનો લાંબો ઈતિહાસ છે. તે IPL ૨૦૧૨ અને ૨૦૧૩ માં તેમનો કેપ્ટન હતો અને ૨૦૧૪ અને ૨૦૧૫ IPL સિઝનમાં ટીમ ડિરેક્ટર અને મેન્ટર તરીકે સેવા આપી હતી. ૨૦૧૬ માં, દ્રવિડ દિલ્હી ડેરડેવિલ્સ (હવે દિલ્હી કેપિટલ્સ)માં ગયો હતો. ૨૦૧૯ માં, રાહુલ દ્રવિડને બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમીના વડા તરીકેની જવાબદારી મળી હતી. વર્ષ ૨૦૨૧માં તેમને ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમના ત્રણ વર્ષના કોચિંગ કાર્યકાળ દરમિયાન, દ્રવિડ ભારતીય ટીમને ઉઝ ફાઈનલ્સ ૨૦૨૧ અને ૨૦૨૩, ODI વર્લ્ડ કપ ૨૦૨૩ની ફાઈનલમાં લઈ ગયો હતો અને ૨૯ જૂન, ૨૦૨૪ ના રોજ તેમના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયા ્૨૦ વર્લ્ડ કપમાં ચેમ્પિયન બની હતી.

રાજસ્થાન રોયલ્સ ૨૦૦૮માં IPLની શરૂઆતની સિઝનથી આ લીગનું ટાઈટલ જીતવામાં સફળ રહી નથી. ૨૦૨૨ માં, સંજુ સેમસનની કપ્તાની હેઠળ ટીમ રનર અપ હતી, તે સિઝન ગુજરાત ટાઈટન્સે જીતી હતી. ૨૦૨૩ માં, રાજસ્થાનની ટીમ પ્લેઓફમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહી, સિઝનની શાનદાર શરૂઆત છતાં, ટીમ પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને હતી. જ્યારે ૨૦૨૪માં રાજસ્થાનની ટીમ ક્વોલિફાયર ૨માંથી બહાર થઈ ગઈ હતી.

### બંને વચ્ચે છેડાયો ઓનલાઈન જંગ

# કેજરીવાલના પત્ની અને સ્વાતિ માલિવાલ વચ્ચે જંગ

## સુનીતા કેજરીવાલની પોસ્ટ શેર કરતા સ્વાતિએ લખ્યું, 'મારી મારપીટ દરમિયાન ઘરે રહેલા મુખ્યમંત્રીની પત્ની ખૂબ જ રાહત અનુભવી રહી છે

નવી દિલ્હી,તા.૪

રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ પર કથિત હુમલાના કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સહયોગી બિભવ કુમાર મંગળવારે તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. તિહાર જેલના અધિકૃત સૂત્રોએ જણાવ્યું હતું કે તેને બપોરે ૨ વાગ્યે જેલ નંબર પાંચમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. જ્યાં તે ત્રણ મહિનાથી વધુ સમય સુધી કેદ હતો. આ સિવાય બિભવનો પરિવાર તેને લેવા માટે આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે સોમવારે કુમારને જામીન આપ્યા હતા અને કહ્યું હતું કે તે ૧૦૦ દિવસથી વધુ સમયથી કસ્ટડીમાં છે. સુપ્રીમ કોર્ટે તેમને જામીન આપ્યાના એક દિવસ પછી, તીસ હજારી કોર્ટે મંગળવારે મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના સહયોગી બિભવ કુમારને વ્યક્તિગત જામીન બોન્ડ અને ૧ લાખ રૂપિયાના જામીન પર મુક્ત કરવાનો આદેશ જારી કર્યો હતો. કોર્ટે જામીન પર અન્ય શરતો પણ મૂકી હતી. જેમાં એ પણ સામેલ છે કે કુમાર સાક્ષીઓને ધમકાવશે નહીં. પુરાવા સાથે છેડછાડ નહીં કરે. તેઓએ કોર્ટની કાર્યવાહીમાં પણ નિયમિત હાજરી આપવી પડશે.

બીજી તરફ, બિભવના જામીન બાદ સીએમ કેજરીવાલની પત્નીએ સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરી અને લખ્યું, 'આરામનો દિવસ.' આ તસવીર ક્યાંની છે અને તે ક્યાંની છે તે વિશે કંઈ કહી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે બિભવને સીએમ કેજરીવાલના ઘરે જવા પર પ્રતિબંધ મૂક્યો છે. ત્યારે સુનીતા કેજરીવાલની આ પોસ્ટ પછી સ્વાતિ માલીવાલ ગુસ્સે થઈ ગઈ હતી. સ્વાતિએ બુધવારે સવારે આ અંગે પ્રતિક્રિયા આપી હતી.



સુનીતા કેજરીવાલની પોસ્ટ શેર કરતા સ્વાતિએ લખ્યું, 'મારી મારપીટ દરમિયાન ઘરે રહેલા મુખ્યમંત્રીની પત્ની ખૂબ જ રાહત અનુભવી રહી છે. નિશ્ચિંત છે કારણ કે જે વ્યક્તિએ મને તેમના ઘરમાં માર માર્યો હતો અને માર માર્યો હતો તે જામીન પર આવ્યો છે.

આ દરેક માટે સ્પષ્ટ સંદેશ છે, મહિલાઓને મારશો, તે પછી આપણે પહેલા ગંદી ટ્રોલિંગ કરીશું, પીડિતાને સંપૂર્ણપણે બરબાદ કરીશું અને તે માણસને કોર્ટમાં બચાવવા માટે દેશના સૌથી મોંઘા વકીલોની ફોજ ઊભી કરીશું! આવા લોકોને જોઈને દિલાસો મેળવનારાઓ પાસેથી બહેન-દીકરીઓ માટે આદરની શું અપેક્ષા છે? ભગવાન બધું જોઈ રહ્યા છે, ન્યાય થશે.

# અમરેલી જીલ્લા ભાજપ દ્વારા સદસ્યતા અભિયાનનો જીલ્લા ભાજપ કાર્યાલય ખાતેથી પ્રારંભ






કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટીની યોજના અનુસાર સમગ્ર દેશમાં સદસ્યતા અભિયાનનો ૨ સપ્ટેમ્બરથી દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ને રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા જી સદસ્ય બનાવી સદસ્યતા અભિયાનનું શુભારંભ કરી દીધેલ છે. જેના દ્વારા સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સદસ્ય બનાવવાની શરૂઆત થઈ ચૂકેલ છે. પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ કક્ષાએ તા. ૩ સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજી સદસ્ય બનાવી અભિયાનનો પ્રદેશમાં શુભારંભ કરેલ. આજ રોજ ૪ સપ્ટેમ્બરના દિવસે પ્રદેશ ભાજપના માર્ગદર્શનથી અમરેલી જીલ્લા ભાજપ દ્વારા અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાને પ્રાથમિક સભ્ય બનાવી આ અભિયાનનો શુભારંભ કરેલ અને જીલ્લા ભરમાંથી બે (૨) દિવસમાં પચાંસ હજાર (૫૦,૦૦૦) પ્રાથમિક સદસ્યો બનાવવા માટે જીલ્લા ભાજપ દ્વારા કાર્યકર્તાઓને આહવાન કર્યુ. આ તકે જીલ્લાભરમાંથી મોટી સંખ્યામાં પધારેલા ચુંટાયેલા પ્રતિનિધિઓ, હોદેદારો, કાર્યકર્તાઓ, સિનિયર આગેવાનો દ્વારા પણ ૮૮૦૦૦ ૦૨૦૨૪ નંબર ડાઈલ કરી અને પોતાની પ્રાથમિક સદસ્યતા નોધાવી અને અનેરો ઉત્સાહ દેખાડયો. આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે લાઠી–બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પ્રદેશ મહિલા મોરચાના મંત્રી ભાવનાબેન ગોંડલીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરીયા, જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જીલ્લા ખરીદ–વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષઓ રામભાઈ સાનેપરા, શરદભાઈ પંડયા, જીલ્લા ભાજપના મંત્રી રંજનબેન ડાભી, જીલ્લા પંચાયત સભ્યો, મંડલની ટીમ, તાલુકા પંચાયતો/ નગરપાલિકાઓના સભ્યો, સિનિયર આગેવાનો વગેરે હાજર રહયા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું વેકરિયાને સસ્પેન્ડ કરો : કોંગ્રેસ

હોયતેવુંલાગીરહ્યુંછે.

આઅંગેતેમણેજણાવ્યુંહતું કે, ગૃહ, મંડળીનાં ઓડીટમાં રજીસ્ટર દસ્તાવેજથી મિલ્કત તબદીલ નામફેર કર્યાનાંકિસ્સાઓધ્યાનમાંઆવેતોતેવા લેખોસહિતનીવિગતોનીસ્ટેમ્પડયુટીમાં પણ પુરી રકમ વપરાયેલ છે કે કેમ ? સરકારનામહેસુલવિભાગ, ગાંધીનગર તરફથી વિજીલન્સ ટીમની નિમણૂંક કરવામાં આવે છે તેવી ટીમે આવી કોઈ તપાસકરેલછેકેકેમ? ગેરકાયદેસરનહી પરંતુ ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા માનસવાળી પ્રવૃત્તિ હોય, તે ફોજદારી ગુન્હો બનતો હોય તો તે પણ રાજય રજીસ્ટ્રારતરીકેસહકારીહિતનેધ્યાનમાં રાખી આવો ગુન્હો દાખલ કરીને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરેલ છે.

**Name has been changed**

I **BHAVESHBHAI DHANJIBHAI KAKDIYA** DECLARE AND OATH THAT I CHANGE OF MY NAME FROM **BHAVESHKUMAR DHANJIBHAI PATEL** TO **BHAVESHBHAI DHANJIBHAI KAKDIYA** NOW ONWARDS I WOVLD BE KNOWN AS **BHAVESHBHAI DHANJIBHAI KAKDIYA**

AT. SHEKH PIPARIYA, TA - LATHI, Dist.AMRELI, PIN-365435

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાનાં જુના વાઘણીયા માર્ગ ઉપર

જુના વાઘણીયા ગામે જતા હતા. તે દરમ્યાન હડાળા ગામથી થોડેક દુર રોડ ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી વાહન ચલાવી હિતેશ ઉર્ફે રીતેશ વિઠ્ઠલભાઈ બાબરીયાના મોટર સાયકલ સાથે ભટકાવી હિતેશ વિઠ્ઠલભાઈ બાબરીયાને માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા શરીરે નાની–મોટી ઈજાઓ કરી મોત નિપજાવી વાહન સાથે નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૮૫ | ૧૨૪૦ |
| ૨ | શિંગાદાણા ફાડા | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૭૧ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૩૫૭ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૦૫૦ | ૩૨૦૧ |
| ૬ | બાજરો | ૪૨૨ | ૫૧૬ |
| ૭ | જુવાર | ૩૭૨ | ૮૧૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૫ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૭ | ૬૦૫ |
| ૧૦ | મગ | ૧૫૯૭ | ૧૬૦૧ |
| ૧૧ | અડદ | ૧૮૯૫ | ૧૮૯૫ |
| ૧૨ | ચણા | ૧૨૦૦ | ૧૪૪૯ |
| ૧૩ | તુવેર | ૧૩૮૫ | ૧૫૯૦ |
| ૧૪ | કપાસ | ૮૪૫ | ૧૬૮૪ |
| ૧૫ | જીરૂ | ૨૬૦૦ | ૪૪૬૦ |
| ૧૬ | રાયડો | ૯૭૦ | ૯૭૦ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૨૪૦ |
| ૧૮ | મેથી | ૮૦૦ | ૧૧૩૮ |
| ૧૯ | સોયાબીન | ૭૪૫ | ૮૪૯ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં બ્રોડગેજ આવે તે પહેલા

મયુરભાઈ કોટીલા, કેવલભાઈ મહેતાનીઆગેવાનીમાંઆશરે ૧૦૦થી ૧૫૦૦ માણસો કે જેમાં વિદ્યાનગર સોસાયટીની મહિલાઓ તથા શિતલ આઈસ્ક્રીમમાં કામ કરતી મહિલાઓ તથાજીઆઈડીસીમાંકામકરતામજૂરોને ઉશ્કેરીનેસાથેરાખીનેએકટોળાનુંસ્વરૂપ ધારણ કરીને અમારા પ્લોટમાં ગેરકાયદેસરરીતેપ્રવેશકરવાનાંહેતુથી અમોએસીમેન્ટનાંપાપડાનીજેકમ્પાઉન્ડ વોલ ધકકા મારીને પાડી દીધેલી અને ગેરકાયદેસરરીતેઆટોળાએપ્રવેશકરી લીધેલો.

વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આ કામના ટોળાઓને સમજાવવાનો પ્રયત્ન કરેલો ત્યારે અમારા ભાગીદારો પૈકી ચેતનભાઈ દિનેશભાઈ ધાનાણી, જીગ્નેશભાઈ ગોકળભાઈ રામાણી, આશીષભાઈ જયંતિભાઈ રાવળ પણ ત્યાંબનાવસમયે સ્થળ પર હાજર હતા. ત્યારે તેમની હાજરી આ દીવાલને આ ટોળાએ ઉશ્કેરણી બાદ પાડી નાખી અને તે સીમેન્ટના પાપડાઓને તોડી ભાંગીને ભુકકો કરી નાખેલ.

આ સમયગાળા દરમિયાન અમોએ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આશરે ૧૦ તોલાનો પહેરેલ હતો. અમારી સાથે ઝપાઝપી કરી અને તે ઝપાઝપીદરમિયાનઅમારાગળામાંથી આ ચેઈનને આંચકો મારીને તોડીને ગળામાંથી ખેંચી લીધેલ. ત્યારબાદ આ ટોળુ છુટુ પડયું તે પછી જગ્યા પર જોતા આ ચેઈન કયાંક મળેલો નહી.

વધુમાં જણાવેલ છે કે, ઝપાઝપી દરમિયાન અમારા પ્લોટમાં મુકેલ સબમર્સીબલ પંપ ટોળાના કોઈ માણસો પંપ પણ લઈને જતા રહેલ હતા. આ તમામે બનાવની શરૂઆત ઝપાઝપી પહેલા અમારી સાથે તથા અમારા ભાગીદાર સાથે ઉગ્ર બોલાચાલી કરેલી.

કાયદો આથમાં લઈ અમારી માલીકીની મિલ્કતમાં અમોએ બનાવેલી કમ્પાઉન્ડ વોલ તોડી નાખી અને તેના સીમેન્ટના પાપડાનો ભુકકો કરી નાખી અમોને આશરે તે દીવાલ પેટે ૩ થી ૩.૫ લાખનું નુકસાન કરી તેમજ ઝપાઝપી કરી ૧૦ તોલાનો સોનાનો ચેઈન લૂંટી જઈ તથા ટોળાના માણસોએ સબમીર્સીબલ પંપની લૂંટ કરી એકસંપ કરી અમારા ટાંટીયા ભાંગી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય. આ કામના તમામ માણસો સામે ફરિયાદ નોંધવા માંગ કરેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૮૧ | – |
| ૨ | શીંગ મોટી | ૧૦૭૧ | ૧૧૫૧ |
| ૩ | શીંગ દાણા | ૧૨૫૧ | ૧૩૭૧ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૮૧ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૪૫૦ |
| ૬ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૮૧ |
| ૭ | કપાસ | ૧૧૫૦ | ૧૬૪૩ |
| ૮ | ઘઉં લોકવન | ૫૮૬ | ૫૮૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૦૦ |
| ૧૦ | બાજરો | ૪૩૦ | ૫૬૨ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૮૧૭ |
| ૧૨ | મગ | ૧૨૪૬ | ૧૪૩૬ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | તુવેર | ૧૨૦૧ | ૧૮૯૦ |
| ૧૫ | ધાણા | ૧૨૪૩ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૯ | ૧૬૮૧ |
| ૨ | મગ | ૧૪૧૦ | ૧૮૦૦ |
| ૩ | જીરૂ | ૪૦૪૫ | ૪૬૪૫ |
| ૪ | ઘઉં | ૪૮૯ | ૫૬૧ |
| ૫ | ચણા | ૧૩૮૯ | ૧૪૭૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૧ | ૧૩૬૦ |
| ૨ | ઘઉં | ૪૪૦ | ૫૬૩ |
| ૩ | ચણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૪ | તલ | ૨૦૦૦ | ૨૩૧૦ |
| ૫ | તુવેર | ૧૯૦૧ | ૧૯૨૧ |
| ૬ | શીંગ ફાડા | ૧૨૩૦ | ૧૩૦૦ |
| ૭ | મગ | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૮ | ધાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૯ | એરંડા | ૧૦૪૫ | ૧૧૫૫ |
| ૧૦ | સોયાબીન | ૭૫૦ | ૮૫૩ |

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૨ | સોયાબીન | ૬૨૫ | ૮૧૨ |
| ૩ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૪ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૫૮ |
| ૫ | બાજરો | ૩૩૫ | ૩૩૫ |
| ૬ | એરંડી | ૯૪૦ | ૧૦૪૦ |
| ૭ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | ચણા | ૧૦૫૦ | ૧૪૭૫ |
| ૯ | શીંગદાણા | ૧૧૧૫ | ૧૩૨૫ |
| ૧૦ | તુવેર | ૧૪૯૫ | ૧૪૯૫ |
| ૧૧ | મગફળી | ૭૯૫ | ૧૧૫૦ |
| ૧૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૫૦ |
| ૧૩ | તલ કાળા | ૧૯૦૦ | ૨૪૦૦ |
| ૧૪ | મકાઈ | ૫૮૦ | ૫૮૦ |

## વીટેરો ટાઈલ્સે જાન્હવી કપૂરને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઓનબોર્ડ કરી

મુંબઈ, તા. ૪

ભારતીય ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી તથા પ્રતિષ્ઠિત અપર્ણા એન્ટરપ્રાઈઝિસ લિમિટેડનો ભાગ એવ વિટેરો ટાઈલ્સે બોલીવૂડ સ્ટાર આઈકોન જાન્હવી કપૂરને તેની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરી. આ વ્યુહાત્મક ભાગીદારી કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરી. આ વ્યુહાત્મક ભાગીદારી કંપનીના બ્રાન્ડ વિઝિબિલિટી વધારવાનાં, ગ્રાહકો સાથે વ્યાપકપણે જોડાણ કરવાનાં તથા દેશમાં ટોચની ટાઈલ બ્રાન્ડ તરીકે ખુદને સ્થાપિત કરવાનાં લાંબા ગાળાનાં વિઝનનો ભાગ છે. વિટેરો ટાઈલ્સ બ્રાન્ડની ઓળખ એવી સ્ટાઈલ સુઘડતા અને આધુનિકતા એમ્બેસેડરની વાઈબ્રન્ટ તથા સમકાલીન છબી સાથે સંપૂર્ણ રીતે સંરેખિત છે.



ભાગીદારી અંગે ટીપ્પણી કરતા અપર્ણા એન્ટરપ્રાઈઝિસ લિમિટેડનાં મેનેજીંગ ડિરેકટર અશ્વિન રેડ્ડીએ કહ્યું કે, ''અમે વિટેરો પરીવારમાં જાન્હવી કપૂરનું સ્વાગત કરવા માટે ઉત્સાહ છીએ. તેનું ડાયનેમિક વ્યકિતત્વ તથા સ્ટાઈલ પર ફોકસ એ સમકાલીન અને ઉચ્ચ ગુણવતાવાળી ટાઈલ્સ સાથે ઈન્ટેરિયર્સને પુન : વ્યાખ્યાયિત કરવાનાં બ્રાન્ડનાં વિઝનને સંપૂર્ણ રીતે પૂરક છે. આ ભાગીદારી ભારતીય ટાઈલ માર્કેટમાં ટોચની બ્રાન્ડ બનવા તરફ વિટેરોની સફરને આગળ વધારશે. રિટેલ અન બિરબી ફોર્મેટમાં દક્ષિણના બજારોમાં વીટેરનો નોંધપાત્ર બજાર હિસ્સો છે અને તાજેતરમાં અમે મોરબી ખાતે જેવી મેન્યુફેકચરીંગમાં નોંધપાત્ર રોકાણ કર્યુ છે જે અમજે ઉતર પશ્ચિમ અને પૂર્વીની બજારોમાં પ્રવેશ આપે છે. વીટેરો ટાઈલ્સ તેન સ્થિતિ મજબૂત કરવાનું તથા અત્યંત સ્પર્ધાત્મક ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં તેની વૃદ્ધિનો માર્ગ ચાલુ રાખશે. એક ટાઈલ ઉત્પાદક તરીકે વિટેરો ભારતીયામ ગ્રાહકની અપેક્ષાઓ પૂરી કરવા તથા અપેક્ષા વધારવા માટે નવીન સરફેસ, આધુનિક ડિઝાઈન અને શ્રેષ્ઠ ગુણવત્તાવાળી ટાઈલ્સ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૨૩ | ૨૬૨૮ |
| ૨ | તલ પીળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૩ | કપાસ | ૧૩૫૧ | ૧૬૦૧ |
| ૪ | બાજરો | ૪૫૦ | ૫૫૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૬૫ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૮૫૦ |
| ૭ | મકાઈ | ૫૦૯ | ૫૦૯ |
| ૮ | ચણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | એરંડી | ૧૧૩૮ | ૧૧૩૮ |
| ૧૦ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |

# ચમારડીમાં ગોપાલ વસ્તરપરાનાં સહયોગથી વિકાસકાર્યોનો ધમધમાટ






બાબરાથી ૧૦ કિમી દૂર ચમારડીગામવિકાસનાપંથેઆગળવધી રહ્યુંછે. ત્યારે બાબરા તાલુકાના ચમારડી ગામના વતનીઅનેહાલસુરતસ્થિતએવા જાણીતાંઉધોગપતિગોપાલવસ્તરપરાદ્વારા ચમારડીગામનેવિકાસપંથેઆગળવધારી રહ્યાંછેઅનેપોતાના માદરેવતન ચમારડી ગામસહિતટૂંકસમયપહેલાપહજારકરતાં વધુ ભારત દેશના લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુગામડે ગામડે મૂકીનેઅનાવરણકાર્યક્રમોકરવાઆવ્યાહતા અનેહાલવર્ષાૠતુનીસિઝનચાલીરહીછે. ત્યારેતેઓદ્વારાચમારડીગામમાંવૃક્ષારોપણ કરી વૃક્ષોના રોપા વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારે હાલ ચમારડી ગામનો મુખ્ય પ્રવેશદ્વારઆગળગામનીશોભાવધારવાજઈ રહ્યાછેજેમાંનવુંબસસ્ટેશન, પેવરબ્લોક, સ્ટ્રીટ લાઈટ, સી.સી. કેમેરા તેમજ બસ સ્ટેશનની આજુ બાજુમાં ભારત દેશના વિર સપૂતોના અલગ અલગ સ્ટેચ્યુ સહિત ચમારડી ગામ સહિત આજુ બાજુ ગામના લોકોને પૂરતી સુવિધાઓમળીરહેતેમાટેચમારડીગામના લોકોનોસાથઅનેસહકારથીવસ્તરપરા વિકાસકામોનેઆગળવધારીરહ્યાંછે.




GSCHFCLમાં ગેરકાયદેસર ડાયરેક્ટર બનેલ

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને સસ્પેન્ડ કરો : કોંગ્રેસ

## બટારવાડીની સોસાયટીનાં ખોટી રીતે સભ્ય બન્યાનો આક્ષેપ

અમરેલી, તા. ૪

ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.હા.ફા. કોર્પો.લી.– અમદાવાદમાં ગેરકાયદેસર અને નિયમો વિરૂધ્ધ સભાસદ થઈ ડિરેકટર બનેલા કૌશિકભાઈ કાંતીભાઈ વેકરિયા સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવા વિધાનસભામાં કોંગ્રેસ પક્ષનાં નેતા અમિત ચાવડાએ માંગ કરી છે.



આ અંગે તેમણે રજીસ્ટ્રાર સહકાર મંડળીને પત્ર લખીને જણાવ્યું હતું કે કોઈ પણ વ્યકિત હાઉસીંગ મંડળીમાં સભ્ય ત્યારે જ બની શકે તેઓ પોતે ત્યાં મકાન ધરાવતા હોય અને તેનાં ઉદેશો પ્રમાણે કામગીરી કરતા હોય, કૌશિકભાઈ વેકરિયાના કેસમાં મંગળ સોસાયટી, બટારવાડી અમરેલી ખાતે આવેલી છે, જુની સોસાયટી છે ૧૪ મકાનો છે અને પોતે રૂા. ૨૫૦ ભરીને સભ્ય બનીને ચૂંટણી લડવા આવ્યા છે. હકીકતમાં તેઓ ત્યાં સભ્ય છે જ નહી, માત્ર સાહિત્ય ઉભુ કર્યુ

અનુસંધાન પાના ૬ ઉપર







બાળક રડતુ હોવાથી દાદીએ મગજ ગુમાવી દીધો

# હે રામ : અમરેલીનાં રાજસ્થળી ગામે દાદીએ બચકા ભરી લેતા ૧૪ માસનાં પૌત્રનું મોત

## ખોબા જેવડા ગામમાં બનેલ ઘટનાથી અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૪

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે એક ૧૪ માસના બાળકને ઘરમાં ઘોડિયામાં સુવડાવવા અને છાનું રાખવાનો પ્રયાસ કરવા છતાં પણ બાળક રડતું હોય. ત્યારે બાળકના દાદીને ગુસ્સો આવી જતાં આ ૧૪ માસના માસના બાળકને પોતાની જ દાદી શરીરે આડેધડ બચકા ભરી લેતાં આ બાળકનું મોત નિપજયું હતું. આ ઘટનાની માહિતી અમરેલી તાલુકા પોલીસને મળતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી અને બાળકને સુવડાવાના ઘોડિયા નજીક બાળકનો મૃતદેહ મળી આવતાં પોલીસે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયેલ જયાં આ બાળકની હત્યામાં નવો ફણગો ફૂટતા પોલીસે બાળકની દાદીની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. અમરેલી તાલુકાના ખોબા જેવડા રાજસ્થળી ગામમાં આ ચકચારી ઘટના બનતા અમરેલી પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં વિભાગીય પોલીસ વડા ચિરાગ દેસાઈએ જણાવ્યા અનુસાર અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે રહેતા કુલસનબેન હુસેનભાઈ સૈયદ ગઈકાલે સાંજના ૪:૩૦થી પાંચના સમયે પોતાના ઘરે પોતાના જ એક ૧૪ માસના પૌત્ર અલીરજા કરફીકભાઈ સૈયદ નામનાં બાળકને પોતાના ઘરમાં ઘોડિયામાં સુવડાવતા હતાં અને રડતા બાળકને છાનું રાખવાનો પ્રયાસ કરવા છતાં પણ આ બાળક રડતું હોય. ત્યારે બાળકના દાદી કુલસનબેન હુસેનભાઈ સૈયદને ગુસ્સો આવી જતાં પોતાના જ ૧૪ માસના પૌત્રના શરીરે આડેધડ બચકા ભરી લેતાં આ ૧૪ માસના બાળકનું મોત નિપજયું હતું.

આ ઘટનાની માહિતી અમરેલી તાલુકા પોલીસને મળતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી અને બાળકને સુવડાવાના ઘોડિયા નજીક બાળકનો મૃતદેહ મળી આવતાં પોલીસે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયેલ જયાં આ બાળકની હત્યામાં નવો ફણગો ફૂટતા સરકાર તરફે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ફરિયાદી બની પોલીસે આ બાળકની દાદીની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. અમરેલી તાલુકાના ખોબા જેવડા રાજસ્થળી ગામમાં આ ચકચારી ઘટના બનતા અમરેલી પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.




બાઈક ઉપર જતાં અજાણ્યા વાહનચાલકે હડફેટે લેતા

## બગસરાનાં જુના વાઘણીયા માર્ગ ઉપર માર્ગ અકસ્માતમાં એક યુવકનું મોત થયું

અમરેલી, તા. ૪

બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે રહેતા મીતેશભાઈ વીઠ્ઠલભાઈ બાબરીયા નામનાં ૪૪ વર્ષિય ખેડુતના નાનાભાઈ હિતેશ ઉર્ફે રીતેશ વિઠ્ઠલભાઈ બાબરીયા તા. ૩ ના રાત્રે ૮ વાગ્યે બગસરાથી તેમના ગામ

અનુસંધાન પાના ૬ ઉપર

ઘરમાં પોતા મારતા હોય પડી ગયા બાદ

## અમરેલીનાં માણેકપરામાં રહેતી પ્રૌઢાએ ભૂલથી એસિડ પી લેતા મોત નિપજયું

### મૃતક મગજની બીમારીથી પિડીત હતા

અમરેલી, તા. ૪

અમરેલીના માણેકપરા વિસ્તારમાં આવેલ ૪/બ માં રહેતા પ્રતિમાબેન ગૌરીશંકર પંડયા નામની ૫૮ વર્ષિય પ્રૌઢ માનસીક અસ્થિર મગજની બીમારી હોય તેમજ તેઓ તા. ૨ રોજ બપોરે ૨ વાગ્યાની આજુબાજુમાં પોતાના ઘરે કચરા પોતા કરતા હતા. ત્યારે તેમની પાસે લાદીમાં પોતા કરવા માટેનું કલીનર (એસીડ) હોય તેણીનો પોતા કરતા કરતા અચાનક પગ લપસતા તેણી પડી ગયેલ અને તેના હાથમાં કલીનરની બોટલ હોય તેમાંથી તેઓએ ભુલથી બે ઘુંટડા પી ગયેલ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સાવરકુંડલાનાં મીતીયાળામાં વાડીમાંથી રાપની ચોરી થતાં ફરિયાદ

અમરેલી, તા. ૪

સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામે રહેતા યુનુસભાઈ નુરમહંમદભાઈ લલીયા નામનાં ૬૩ વર્ષિય વૃધ્ધની વાડીમાં ગત તા. ૨૩ ના રોજ સવારે ૭ વાગ્યાના અરસામા આરોપી હાર્દિકભાઈ ઉર્ફે ભોલો રાજાભાઈ ઉર્ફે ભુટો વાઘેલા (રહે. મીતીયાળા), રફીકશા રજાકશા શેખ (રહે. સાવરકુંડલા), આબીદ સાબીરભાઈ સૈયદ (રહે. સાવરકુંડલા) એ વાડીમાં પ્રવેશ કરી વાડીએ રાખેલ ટ્રેકટરમાં જોડીને ચલાવવાનુ લોખંડનુ સાતી (રાપ) કિંમત રૂા. ૫૦૦૦ ની રીક્ષામાં ભરી ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

**શ્રી લીલીયામોટા કેડીટ કો.ઓ.સોસાયટી**

**વાર્ષિક સાધારણ સભા**

આથી શ્રી લીલીયામોટા કેડીટ કો.ઓ.સોસાયટી લી. ની વાર્ષિક સાધારણ સભા તા.૦૭/૦૯/૨૦૨૪ના રોજ પટેલવાડી લીલીયા મોટા ખાતે બપોરનાં ૨:૦૦ (બે) કલાકે થી યોજાશે તો મંડળીનાં તમામ સભાસદોને અચુક હાજરી આપવા સોસાયટીનાં ચેરમેન અરૂણભાઈ પટેલ એમ.ડી.શ્રી મગનભાઈ વિરાણી તથા વા.ચેરમેન શ્રી બાબુભાઈ ધામતનું આમંત્રણ છે. આ તકે શ્રી પુરશોતમભાઈ રૂપાલા તથા દિલીપભાઈ સંઘાણી ખાસ ઉપસ્થિત રહેવાનાં હોય તેથી આપણી મંડળીનાં તમામ સભાસદોએ અચુક હાજરી આપવા જાહેર નિમંત્રણ છે.

તારીખ : ૦૭/૦૯/૨૦૨૪
સ્થળ : પટેલવાડી, લાઠી રોડ,
લીલીયા મોટા

**અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**

**"અમર ડેરી" અમર ત્રીભેટો, ધારી રોડ, અમરેલી.**

ક્રમાંક/અમર/એડી/એમ.ડી./૬૫ /૨૪–૨૫ | તારીખ : ૦૪/૦૯/૨૦૨૪

**સૂચનાપત્ર**

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના શેર હોલ્ડર્સને તથા સૂચિત દૂધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દૂધ સંઘની ૨૨મી વાર્ષિક સાધારણ સભા આગામી તારીખ ૨૨/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે સેન્ટર ઓફ એકસેલન્સ, ET / IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેકટરી સામે નીચેના કામો માટે મળશે.

**: એજન્ડા :**

૧. ગત તારીખ ૨૪/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લેવા બાબત.
૨. દૂધ સંઘનું તા.૩૧/૦૩/૨૦૨૪ આખરનું નિયામક મંડળ તથા ઓડીટર દ્વારા પ્રમાણિત કરેલ સરવૈયુ, નફા–નુકશાન ખાતાના હિસાબો અને અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. એકઝીકયુટીવ કમિટી અને અન્ય કમિટીઓ દ્વારા તા. ૦૧/૦૪/૨૩ થી ૩૧/૦૩/૨૪ સુધી કરાયેલ કામગીરીને બહાલી આપવા બાબત.
૪. નિયામક મંડળે કરેલ ભલામણ મુજબ સને ૨૦૨૩/૨૦૨૪ ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૫. દૂધ સંઘના સને ૨૦૨૩/૨૦૨૪ નો ઓડીટ મેમો તથા દુરસ્તી રીપોર્ટ વંચાણે લેવા બાબત.
૬. સને ૨૦૨૪/૨૦૨૫નાં વર્ષનું બજેટ મંજુર કરવા બાબત.
૭. પ્રમુખશ્રી અથવા તેમની પરવાનગીથી અન્ય જે, રજુ થાય તેના પર ચર્ચા–વિચારણા કરવા બાબત.

**નોંધ :–**
૧. દરેક જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ સંઘની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો વાર્ષિક ઠરાવ કરી દૂધ સંઘને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે લાવવી.
૨. દૂધ સંઘના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચૂંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૧૦–૧૫ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી.

**(બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે)**

**સ્થળ :**– અમર ડેરી, અમરેલી.

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
**ડો. આર.એસ. પટેલ**
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી – અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)